# નેપાલનો પ્રવાસ

20598

લેખક,

નારણજી પુરૂષોત્તમ સાંગાણી

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| નેપાલ પ્રયાણ ... ... ... ... ... | ૧ |
| રસ્તાની વિકટતા ... ... ... ... ... | ૮ |
| ભીમફેરી ... ... ... ... ... | ૧૯ |
| સીસાગઢી—ચંદ્રાગઢી ... ... ... ... ... | ૧૬ |
| ખટમંડુ—ઈદ્રચોક ... ... ... ... ... | ૨૬ |
| ભગવાન પશુપતિનાથ. ... ... ... ... | ૨૫ |
| પ્રજામાં મૂર્તિમંત હિંદુ ધર્મ ... ... ... ... | ૨ |
| નેપાલ સરકાર ... ... ... ... ... | ૨ |
| શાસન પદ્ધતિ ... ... ... ... ... | ૩૧ |
| કસ્તુરી મૃગ ... ... ... ... ... | ૩૪ |
| દુરંખેલમાં શિવરાત્રી સરઘસ ... ... ... ... | ૩૬ |
| નેપાલી લોક ... ... ... ... ... | ૩૮ |
| મુક્તિનાથ અને ગંડકી નદી ... ... ... ... | ૪૪ |
| શૃંગ અને જંગબહાદુર... ... ... ... ... | ૪૫ |
| નેવારી ભાષા અને શિક્ષણ ... ... ... ... | ૪૭ |
| નાણું અને વજન તોલ ... ... ... ... | ૪૯ |
| ઉત્પત્તિ અને વેપાર ... ... ... ... ... | ૫૧ |
| રમણીય સ્થળો ... ... ... ... ... | ૫૪ |
| નેપાલને નમસ્કાર ... ... ... ... ... | ૫૮ |
| આવશ્યક સૂચના ... ... ... ... ... | ૬૦ |

હરિઃ ૐ તત્સત

નારાયણ ગ્રંથમાળા પુષ્પ ૮ મું.

# નેપાલનો પ્રવાસ.

લેખક અને પ્રકાશક,

નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

ચાઇના બીલ્ડીંગ—ભીંડીબજાર, મુંબઇ.

પ્રથમ આવૃત્તિ પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૯ સને ૧૯૨૩

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું

ઠે. પાંચકુવા ચાર રસ્તા—અમદાવાદ.

મૂલ્ય રૂ૦ ૦–૪–૦

# અર્પણ.

શ્રીયુત્ શેઠ રેવાશંકર જગજીવન ઝવેરી,

"સાદું જીવન અને ઉચ્ચ વિચાર," એ સૂત્ર અનુસાર આપે જીવન ગાળી વ્યવહાર, વ્યાપાર, સમાજ અને રાજકીય વિષયમાં ઘણી પ્રગતિ કરી છે. દુષ્કાળ સંકટ જેવા દુઃખદાયક સમયે, સમયશક્તિ દ્રવ્ય લાગવગનો ઉપયોગ કરી આપે હજારો નિરાધાર મુંગા પ્રાણીઓના જીવ બચાવ્યા છે તેમ અનેક સંસ્થા તથા વ્યક્તિઓને નિઃસ્વાર્થવૃત્તિએ આપની ઠરેલ અનુભવી પાકટ બુદ્ધિની શુભ સલાહનો લાભ આપો છો; એ કાંઈ ઓછો પરમાર્થ નથી. પ્રભુ કૃપાવડે આવો હિતકારી લાભ આપના તરફથી જનસમાજને દીર્ઘકાળ પર્યંત મળતો રહે એવી ભાવનાસહ આ પુસ્તક આપ સાથેના દીર્ઘ પરિચયના સ્નેહ સ્મરણમાં આપને સપ્રેમ સમર્પણ કરૂં છું.

સ્નેહાધીન,

નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

શ્રીહરિ:

# નેપાલનો પ્રવાસ.

સંસાર, સ્વર્ગ કે મોક્ષ સુખ પ્રાપ્ત કરી અનંત આનંદ ભોગવવાનું જો કોઇ સાધન હોય તો તે હિંદુ ધર્મશાસ્ત્રનું અવલંબન છે એમ મહાનુભાવ ઋષિ મુનિઓ ઉપરાંત યુરોપ અમેરીકાના તત્ત્વવેત્તાઓએ પણ મુક્તકંઠે કબુલ કર્યું છે. પરંતુ દુર્દૈવ એ ઉત્કૃષ્ટ સાધનોનો લાભ ખુદ હિંદુસ્થાનના હિંદુઓ પણ અત્યારે લઇ શકતા નથી; એનું કારણ એ છે કે હિંદ પરતંત્રતામાં મુકાયું છે.

જે વખતે આર્યાવર્તના પ્રબળ પ્રતાપી આર્યોનું તેજ તપતું હતું, જે વખતે હિંદુસ્થાનના હિંદુ રાજાઓ રાજસૂય કે અશ્વમેધ યજ્ઞ નિમિત્તે સમગ્ર ભૂમંડળપર દિગ્વિજય કરવા નીકળતા હતા તે વખતે વિજય કર્યા પછી તેઓને કોઇ કોઇ દેશમાં જાતે કે ભાઇ કુટુંબી વંશજને રહેવા રાખવાની જરૂર પડતી હતી. આજ રીતે નેપાલમાં હિંદુ રાજા જઇ વસેલા છે.

હરેક જાતિને પોતાની જાતનું તથા ધર્મનું અભિમાન કુદરતી રીતે હોવું જોઇએ અને હોય એમાં જરાય શંકા નથી; પરંતુ એમાં પ્રશ્ન માત્ર એટલોજ રહે છે કે તે જાતિ સ્વતંત્ર હોય તોજ સ્વજાતિ અને સ્વધર્મનું રક્ષણ કરી શકે. પરતંત્રતામાં કોઇ પણ જાતિ ભલે તે જનસંખ્યામાં અતિ વિશેષ પ્રમાણમાં હોય તોય તે જાતિ ધર્મ

સાચવી રાખવા અશક્ત બને છે, જેવું કે હિંદુસ્થાનની હિંદુ પ્રજાનું બન્યું છે.

નેપાલમાં હિંદુ રાજા પ્રજા સ્વતંત્ર હોવાથી, નેપાલન રાજા પ્રજા ઇતર જાતિ કે ધર્મવાળાને આધીન નહિ હોવાથી અત્યારે હિંદુધર્મ નેપાલમાં થોડેઘણે અંશે પણ બચ્યો રહ્યો છે. નેપાલ દેશની, નેપાલી રાજાપ્રજાની ખ્યાતી ઘણીવાર કોઇ કેઇ વ્યક્તિના મુખે સાંભળી હતી તેથી તે અદ્દભુત દેશ જોવા જાણવાની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ હતી. પરંતુ સાથે સાથે એમ પણ સાંભળ્યું હતું કે નેપાલમાં શિવરાત્રી સિવાય જવા દેતા નથી અને રસ્તો જંગલ પહાડવાળો હોઇ બહુ દુઃખદાયક છે. યુરોપ એશિયા તથા હિમાલયની મુશ્કેલીઓ ખૂબ સહેલી હોઇ નેપાલની કઠિનતા તરફ દુર્લક્ષ કરી દડવા–કાઠિયાવાડથી સં. ૧૯૭૮ ના આસો સુદિ ૧૦ (દશરા) ના શુભ દિને પ્રયાણ કર્યું.

## નેપાલ પ્રયાણ.

દડવાથી લાઠી, અમદાવાદ, અંકલેશ્વર, મુંબઇમાં ત્રણ ત્રણ ચારચાર દિવસ રોકાઇ વીર વિક્રમની અવન્તિકા આવ્યો. અવન્તિકાથી કોટા, મથુરા, વૃંદાવન, ગોવર્ધન થઇ કાનપોર અને કાનપોરથી બ્રહ્માવર્ત પ્રયાગ થઇ કાશી આવ્યો. કાશીથી નેપાલ તરફ જવાનો એક દિવસનો રેલ રસ્તો છે તેથી નેપાલ જનારા ઘણાખરા કાશીથી જ જાય છે. નેપાલ જવા વિષે પૂછપરછ કરતાં જણાયું કે આ મહિનામાં (આ વખતે માર્ગશીર્ષ માસ ચાલતો હતો) નેપાલમાં સખત ઠંડી પડે છે. વખતે વખતે બરફ પણ પડે છે. શિવરાત્રી

સિવાય નેપાલ સરકારના ચોકીદારો નેપાલ તરફ જતાં અટકાવશે માટે હાલમાં જવું નહિ.

શિવરાત્રીને સમય પુષ્કળ હતો. લગભગ અઢી માસ બાકી હતા પણ જો સમય તરફ દૃષ્ટિ કરી પાછું મુંબઇ જવાય તો શિવરાત્રી વખતે નીકળવું મુશ્કેલ થશે એમ વિચારી કાશીમાં એકાદ માસ નિવાસ કર્યો. કાશીક્ષેત્ર, ગંગાજી, વિશ્વનાથજી તથા જ્ઞાની પંડિતોને માટે અતિ વિખ્યાત છે. શેઠ વસનજી મનજીની ગોલધર ધર્મશાળામાં રહી ગંગાસ્નાન વિશ્વનાથ દર્શન તથા વિદ્વાન્ પંડિત શાસ્ત્રી સત્સંન્યાસીઓના સમાગમમાં આવવા માંડયું. ભારતધર્મ મહામંડળ તથા હિંદુ વિશ્વ વિદ્યાલયની પણ કાર્ય પદ્ધતિને સારીપેઠે જોઇ અનુભવી.

સમયની રાહ જોતાં પૌષ માસ આવ્યો. ગયાજીમાં મળનારી કોંગ્રેસના પણ નવીન સમાચાર ઉપરાઉપરી મળવા લાગ્યા. સમય નજીક આવતાં કોંગ્રેસમાં ભાગ લેવા ગયાજી ગયો. બાબુ દાસની આગેવાની હેઠળ પંડિત માલવિયા, નેહરૂ, સત્યમૂર્તિ, કેલકરે યોગ્ય દિશામાં સ્વરાજ્યની ચળવળ આગળ ધપાવવા ઘણું મથન કર્યું પણ ગાંધીપંથી અજડોએ "ગાંધી મહારાજકી જે, ખાદી, રેંટીયો, અહિંસા, શાંતિ, દેઠ અને સ્કુલ કાઉન્સિલ બોયકોટ" ના મંત્ર સિવાય બીજું કાંઇ ઉચ્ચાર્યું નહિ તેમ બીજા કોઇનું કહ્યું કાને ધર્યું નહિ. આથી તમામ દેશભક્ત નેતાઓ કોંગ્રેસના હોદ્દાઓનું રાજીનામું આપી અલગ થયા અને કોંગ્રેસનાજ આશ્રય નીચે "સ્વરાજ ખીલાફત પાર્ટી" નામની સંસ્થા દાસબાબુની આગેવાની હેઠળ ઉભી કરી.

ગયાજીથી વૈજનાથના દર્શન કરી કલકત્તા ગયો. કલકત્તામાં નેપાલના વેપારી તથા નેપાલ સાથે વેપાર કરનારી ઘણી પેઢી છે

જે પેઢીઓ, કસ્તુરી તથા કરીયાણાનો વેપાર કરે છે. મારા પરમ મિત્ર રા. દયાશંકર દયાળજી ભટ્ટ, કલકત્તમાં એક મોટી વેપારી પેઢીના ભાગીદાર છે તેની લાગવગથી એકપત્ર નેપાલી સુબાપર અને બીજો એક વેપારીપર એમ બે ભળામણપત્ર લખાવી લીધા.

હવે નેપાલ જવું એમાં જરાય સંદેહ રહ્યો નહિ. જવાની ધુનમાં ધુનમાં બીજું કામકાજ પણ કરવું કે થવું અશક્ય હતું. હજુ નેપાલ તરફ વિદાય થવા આડા વીશ દિવસ હતા તોપણ કલકત્તામાં રોકાવું ગોઠયું નહિ. કલકત્તાથી નીકળી માઘ સુદિ ૨ ના કાશી આવી સમયનો સદુપયોગ કરવા સુઝયું. દેશ વિદેશની ખુબ મુસાફરી કરી, સામાજીક રાજકીય અને ધાર્મિક ચળવળો કરી જે અનુભવ સંપાદન કર્યો છે તે લખી નાંખવો ઉપયોગી ધારી "તત્ત્વામૃત અથવા દેશ વિદેશની આંતરિક અવનતી ઘટનાનો જાતિય અનુભવ" એ મથાળા નીચે ચારસો પાનાનું એક પુસ્તક લખી નાંખ્યું. નેપાલ જવાનો સમય નિકટ આવતાં કાશીથી સં. ૧૯૭૯ ના માઘ વદિ ૩ ને રવિવારે સવારની ટ્રેનમાં રવાના થઇ બીજે દિવસ સવારે ઓઉ-યાર ચૌરાચૌરી ગોરખપુર વટાવી રકસોલ પહોંચ્યો. કાશીથી રકસોલનું રેલભાડું રૂા. ૩।≈ લાગે છે. ચૌરાચૌરી પાસે સાકર ખાંડના બે ત્રણ મીલ કારખાના તથા ગોરખપુરમાં ગુરખાઓનું લશ્કર તથા ગોરખનાથનો મઠ જોવા જેવા છે.

## રસ્તાની વિકટતા.

રકસોલ સ્ટેશનની નજીક રકસોલ ગામ આવેલું છે. ગામ નાનકડું છે પણ નેપાલ મોકલવાનો માલ–કાપડ કરીયાણું પુષ્કળ

ઉતરે છે તેથી અહીં વેપારીઓ દુકાન પેઢી રાખી રહ્યા છે. રકસોલથી અડધા માઇલના અંતરે સેસીઆ નદી આવે છે તે સેસીઆ નદી સામેપારથી અંગ્રેજ સરકારની હદ છૂટી નેપાલ સરકારની હદ શરૂ થાય છે. આસપાસ ખેતર અને વચ્ચે સડક ભાંગીતૂટી આવેલી છે. નદી મુકી બે માઇલ ચાલતા વીરગંજ આવે છે. રકસોલથી વીરગંજ ૩ માઇલ દૂર છે ત્યાંસુધીમાં ટાંગા, બેલગાડી, કંડીનું વાહન મળી શકે છે.

નેપાલી સિવાય ઇતર જાતિને માટે નેપાલમાં પ્રવેશ કરવો સહેલ નથી. જે હેતુથી મનુષ્ય નેપાલ જવા ઇચ્છતો હોય તે તેણે અરજી દ્વારા અંગ્રેજ સરકારનો પાસપોર્ટ ભળામણપત્ર સાથે મોકલી જણાવવો જોઇએ ત્યારેજ વીરગંજમાં રહેતો નેપાલી સરકારનો સુબો-ગવર્નર રજા આપે છે. શિવરાત્રીના દિવસોમાં પાસ મેળવવાનો કશો પ્રતિબંધ નથી. નેપાલ સરકાર તરફથી સુબાને સૂચના થતાં તે નેપાલ જવા ઇચ્છનાર યાત્રીને ડૉક્ટર મારફત નામની નાડ તપાસી કાગળના કટકાપર સરકારી છાપ મારી પાસ તરીકે કટકી આપે છે પછી હરકોઇ મુસાફર કે યાત્રી નેપાલ પ્રયાણ કરી શકે છે.

વીરગંજ ગામ મોટું છે. નેપાલીઓની વસ્તી પુષ્કળ છે. મારવાડીઓ અને હિંદુસ્થાનીઓ કાપડ આટો દાળ કરીયાણું વાસણની દુકાનો ખોલી કાયમના વતની જેવા થયા છે. જે મુસાફર કે યાત્રીને નેપાલ જવાનું હોય છે તે નેપાલમાં બહુ ઠંડી હોવાથી ઓઢવાની કમળ, છત્રી, વાસણ, ખાવાનો સામાન મીઠાઇ લોટ દાળ અહીંયા ખરીદી સાથે લે છે કારણકે ખટમડું પહોંચતા સુધી રસ્તામાં ક્યાંય

જોઇતી સારી ચીજ મળતી નથી. નેપાલ–ખટમડું વીરગંજથી ૬૭ માઇલ દૂર છે. બીમફેરી જે વીરગંજથી ૪૦ માઇલના અંતરે છે ત્યાં સુધી તો રસ્તો ઠીક છે પણ પછી આકરી ચડાઇ ઉતરાઇવાળે ૨૩ માઇલનો રસ્તો અતિ મૂસ્કેલ છે. જે મુસાફર પગે ચાલીને મુસાફરી કરી શકે નહિ અથવા જેની પાસે વધારે પડતો સામાન હોય તેણે અહીંથી સાધન કરી લેવું જોઇએ. ઝંપાન–ડોળી જેને ચાર માણસ ઉંચકી લઇ જાય છે તેમાં સામાન વિના એક માણસને બેસાડે છે અને વીરગંજથી ખટમડું લઇ જવાની મજુરી રૂ. ૩૦ થી ૩૫ આપવી જોઇએ છે. એક માણસને વિના સામાન કંડીઆ જેવી કંડીમાં બેસાડી લઇ જાય છે તેની મજુરી રૂ. ૬ થી ૮ લે છે. બોજો બંગાળી મણ એક સુધી ઉપાડનાર મજુર રૂ. ૫ થી ૭ લે છે તથા ખચ્ચર–ટટ્ટુ પર થોડોઘણો ઓઢવા પાથરવાનો સામાન રાખી જનારને બીમફેરી સુધી રૂ. ૫ થી ૬ આપવા પડે છે.

નેપાલ જવાના ઘણા રસ્તા છે. એક હિંદુસ્થાનથી જંગલો અને પહાડો વાંધી જઇ શકાય છે. બીજો ડાર્જીલીંગથી જઇ શકાય છે. ત્રીજો હિમાલયથી જઇ શકાય છે અને ચોથો ટીબેટથી પણ પહોંચી શકાય છે પરંતુ એ બધા રસ્તા દુર્ગમ છે. ભયંકર જંગલો અને બરફવાળા પહાડો કવખતે ઓળંગવામાં જીંદગીનું જોખમ રહેલું છે. રાત્રિ દિવસ જનાર આવનાર રસ્તાના અનુભવી પહાડી લોકજ તેવે રસ્તેથી નેપાલ જવાનું સાહસ કરી શકે છે. આપણા દેશની સપાટ ભૂમિપર ઉછરેલા લોકોએ તો વીરગંજ રસ્તે નેપાલ જવું સહીસલામતી ભર્યું છે.

૧૦૬૭૯ 

નેપાલનું પ્રવેશદ્વાર વટાવી આગળ ચાલ્યા. ઓઢવા પાથરવાનો તથા રસ્તામાં પાંચ છ દિવસ ચાલે તેટલો જમવાનો સામાન-પાક, મગજ, પુરી કાશીથીજ સાથે લઈ લીધેલ એટલે વીરગંજમાં નવું ખરીદવા જેવું થોડું હતું. પાસની જરૂર હતી તે જે વેપારીપર ભલામણ પત્ર લખાવી લીધો હતો તેણે સારી પેઠે આદર સત્કાર કરી કુલી વગેરેની ગોઠવણ કરી આપવા સાથે પાસ પણ આણી દીધો. પાસ મળતાં તુરતજ ચાલવાની તૈયારી કરી પણ ભલામણ-વાળા વેપારી બાબુ નારાયણદાસે આગ્રહ કરી તે દિવસ રોકી રાખ્યા.

માઘ વદિ ૫ ને મંગળવારે વીરગંજથી સવારે પાંચ વાગે પ્રયાણ કર્યું. કાશીથી ભારત ધર્મ મહામંડળના શ્રી ગોવિંદ શાસ્ત્રીની ભલામણથી એક દક્ષિણી ડોસાને સાથે લીધેલ હતા તે અને બોજો ઉપાડનાર મજુરની સાથે સાથે ચાલતાં ચાર માઇલે પરમાનીપુર ગામ આવ્યું. નેપાલી મજુરો ગરીબાઇને લઇ કેટલાક લુચ્ચાઇ કરે છે. તેને એકલા મૂકી ચાલવામાં વખતે હેરાન થવું પડે છે. એ મજુર, યાત્રી મુસાફરની અજાણતાનો લાભ લઇ આસપાસના જંગલ પર્વતમાં ઘણીવેળા સામાન ઉંચકી છટકી જાય છે માટે મુસાફરે સાવધાન બની તેની સાથેજ રહેવું જરૂરી છે એવી સૂચના વીરગંજ માં મળી હતી તેથી અમો મજુર સાથેજ ચાલતા હતા. પ્રવાસ કરતાં કરતાં મજુર વારંવાર થાક ખાય છે તેમ નાસ્તોપાણી કરવા સારૂ બેચાર પૈસા માગે છે તેથી દિવસમાં બે વખત બબ્બે ત્રણત્રણ પૈસા તેને આપવા પડે છે. પૈસાના પવા લઇ ખાઇ પાણી પીઇ મજુર ચાલી નીકળે છે. આ નેપાલી મજુર શૂદ્ર જાતિના હિંદુ હોઇ નાહાવું ધોવું કે દાતણપાણીમાં સમજતા નથી, છતાં કપાળમાં ચાંદલો કરી માથે ચોટલી રાખી દેવમંદિરને પ્રદક્ષિણા કરી નમન અવશ્ય કરે છે.

પરમાનીપુરમાં દશબાર ઘર તથા દુકાનો છે ત્યાં થોડો વખત થાક ખાઇ આગળ ચાલ્યા. રસ્તો સીધો પહોળી સડકનો છે. સડકની બન્ને બાજુ ખેતરો આવેલા છે અહીં ભૂમિ સર્વત્ર સપાટ દેખાય છે. ખેતરોમાં ઘઉં ચોખાનો પાક પુષ્કળ થાય છે. ખેતરો કાઠિયાવાડ ગુજરાતની માફક વિસ્તારમાં નથી પરંતુ નાના નાના છે. ખેતરની હદ કોઇ પણ પ્રકારની થોર પથ્થરની વાડથી આંકાતી નથી પણ માટીની નાની સરખી દિવાલથી અલગપણું બતાવવામાં આવ્યું છે. પરમાનીપુરથી ૬ માઇલ ચાલતાં સેમરા બાસા સવારના દશ વાગાના સમયે આવી રોકાયા.

સેમરા એ શ્રીબદ્રીનાથના રસ્તાની માફક ચટ્ટીઓવાળું સ્થળ છે. અહીં ચૌદ પંદર ચટ્ટીઓ છે તે દરેકમાં ઉતરવા બેસવા રસોઇ કરવાની સગવડ છે. ચટ્ટીમાં ઉતરનાર યાત્રી–મુસાફરે ચટ્ટીવાળાની દુકાનેથી સીધો સામાન ખરીદવો જોઇએ અથવા ચાર છ પૈસા ભાડું આપવું જોઇએ નહિતર તેઓ ઉતરવા દેતાં નથી. આ ચટ્ટીવાળા વેપારી બહુધા હિંદુસ્થાની હિંદુઓ છે એટલે તેઓ આદર આપી મીઠાશથી વર્તે છે. દુકાન ચટ્ટીમાં પણ સફાઇ રાખે છે. સેમરામાં નદીનું સાધન નથી પણ નેપાલ સરકારે ચટ્ટીની આસપાસ અવેડા–હોજ જેવું ગોઠવી વચ્ચે નળ મૂકાવ્યો છે તે નળનું પાણી પીવા માટે વપરાય છે અને નાવા માટે ભરેલા હોજમાંથી લોટો ભરી ભરી નવાય છે. સ્નાન સંધ્યા કરી ખીચડી શાક રસોઇ બનાવી જમી બપોરના બે વાગે ચાલી નીકળ્યા.

હવે રસ્તાની બન્ને બાજુ ખેતરો આવતા હતા તે અદૃશ્ય થઇ ગયા. ગીચ જંગલ શરૂ થયું. જંગલમાં આગળ આગળ ચાલતાં

તેની નિબિડતા ખૂબ જણાવા માંડી. રસ્તો પહોળો સડકવાળોજ હતો. ચઢાઇ ઉતરાઇ જેવું નથી તોપણ સડક કોઇ ત્રેતાયુગ જેટલા લાંબા કાળની બંધાવેલી એટલે છિન્નભિન્ન દશામાં ખાડા ખબડા-વાળી હતી. આખે રસ્તે નેપાલી મુસાફર તથા હિંદુસ્થાની યાત્રી ચાલતાં જોવામાં આવતા હતા. પીઠપર બોજો લાદી ખટમંડુ—ભીમફેરી જનાર મજુરો તથા સેંકડો બેલગાડાઓ પસાર થતા હતા તેથી રસ્તામાં ભયનું કારણ રહેતું નહિ નહિતર જંગલ ૧૫૦ માઇલનું લેખાય છે. હિમાલયના પર્વતોથી ડાર્જીલીંગના પહાડો સુધી તે ઘનઘોર ઘટામાં ઉભેલું છે. તેમાં અસંખ્ય હિંસક પ્રાણીઓ સિંહ, વાઘ, જંગલી હાથી, ચીતરા, રીંછ, વરૂ વગેરે રહેલા છે. નેપાલ સરકાર તથા તેની દોસ્ત અંગ્રેજ સરકારના અધિકારીઓ વખતોવખત આ જંગલમાં શિકાર કરવા નીકળે છે. શિકારીઓ શિકાર તો કરે છે પણ તેનો પ્રકાર બહુ વિલક્ષણ છે. જે અધિકારી શિકાર કરવા ચાહે છે તેના તરફથી પ્રથમ વીશ પચીશ ઘોડેસ્વારો એ જંગલમાં જાય છે. એકાદ પાડાનો વધ કરી વાઘ કે સિંહના આવવાને સ્થળે તે મૃતક પ્રાણીને મૂકે છે. વાઘ સિંહને ગંધ આવતાં તે મૃતક પાડા પાસે આવી પહોંચી પેટ ભરી આહાર કરી તૃપ્ત થાય છે. અતિ આહારથી સિંહ વાઘને કેફ ચડે છે એટલે તે ત્યાંને ત્યાં દારૂડીઆની માફક બેભાન દશામાં ઘોરે છે. આ વખતે ચોરી છૂપીથી આસપાસમાં છૂપાઇ ઉભા રહેલા અધિકારીના માણસો જોતાં તપાસ રાખતાં સાવધાનીથી શિકારી અધિકારીને ખબર આપે છે એટલે બહાદુર શિકારી સિંહ વાઘના અસાવધતાનો લાભ લઇ બંદુકવડે શિકાર કરે છે—મારે છે.

આવા ગીચ જંગલમાં પ્રવાસ કરી ૮ માઇલે ભીછાખોર મોડી સાંજના પહોંચ્યા. અમારી અગાઉ આગલે દિવસ વીરગંજથી નીકળેલા યાત્રી મુસાફરો અહીં વહેલા પહોંચી ચટીઓ રોકી બેઠા હતા, એથી ઉતરવાની જગ્યા કયાંય જોવામાં ન આવી. એવામાં નેપાળી ઓફીસર તેના માણસો સાથે વાત કરતો ઉભો દેખાયો તેને અંગ્રેજીમાં સમજાવી ધર્મશાળાની એકાદ ઓરડી એક રાત માટે કાઢી આપવા આગ્રહ કરી વિનવ્યો; પણ તેણે જગ્યા રોકાયલી છે એમ જવાબ દીધો. આથી તેને કહ્યું કે ગૃહસ્થ ! અમે તમારા અતિથિ કહેવાઇએ, અમારી સગવડ તમારે કરવીજ જોઇએ કારણ આ (દેશ) તમારૂં ઘર છે. તમો અમારે ત્યાં આવ્યા હોવ તો અમે ગમે તે ઉપાયે તમારી પ્રથમ સગવડ સાચવીએ. ઓફીસર શરમાયો અને ઓરડીનું તાળું ઉઘડાવી આપી ઉતરવા દીધા. રસોઇની ખટપટ દિવસમાં બે વખત બનવી મુશ્કેલ છે, એમ સમજી થાક્યા પાક્યા પાસેના નળમાંથી પાણી ભરી લઇ ટિફીન બોક્સમાં રાખેલું ભાતું જમી લીધું.

રાત્રે ઠંડી પુષ્કળ હતી. સાધુ સંત યાત્રીઓ આસપાસના જંગલમાંથી લાકડા એકઠા કરી તાપણું તાપતા ખુલ્લા મેદાનમાં આસન લગાવી ભજન ગાતા પડયા હતા. થોડો વખત ભજન સાંભળી વિષ્ણુસહસ્ત્ર નામનો તથા ગીતાજીના અધ્યાયનો પાઠ સવારે થયો નહોતો તે કરી રોજના નિયમ પ્રમાણે બે માળા ફેરવી શેત્રંજી ઉપર ધાબળો ઓઢી શરીર લંબાવ્યું. ટાઢ સખ્ત હતી તેથી નિદ્રા વિશેષ વખત તો ન ટકી પણ મચ્છર પાણીનો ત્રાસ ન હોવાથી દુઃખ ખમવું પડયું નહિ

બીજે દિવસ સવારે વહેલા ઉઠી ચાર વાગે ચંદ્રમાના અજવાળીઆમાં ચાલી નીકળ્યા. બીછાખોરથી થોડું ચાલ્યા પછી નદી નાળાના પટમાં ચાલવાનું આવ્યું. પાણીના ખાબોચીયા તથા નાળા ઝરણામાં પગરખા સાથે પસાર થવું મૂશ્કેલ જણાતું હતું તેમ ઠંડી સખ્ત હોવાને લીધે ભીનાશવાળી જગ્યામાં ખુલ્લા પગે ચાલવું પણ સહેલ ન હતું. રસ્તામાં સર્વત્ર અણીદાર કાંકરી પથ્થર પગ સાથે અથડાતા બહુ વેદના થતી હતી. મારા કરતાં મારી સાથેના દક્ષિણી યાત્રીના પગ ખુલ્લા હોવાથી તથા તે એક આંખે અપંગ હોવાથી રાત્રિનો સમય એટલે તેને ચાલવામાં વધારે કષ્ટ થતું હતું. થાક ખાતાં ખાતાં ૬ માઇલનો નાળા પથ્થરવાળો વિકટ માર્ગ પસાર કરી ચુરીઆ ચટ્ટી પાસેના નદી કાંઠે આવી પહોંચ્યા.

નદી નિર્મળ પ્રવાહમાં વહેતી હતી. તેનું જળ અતિ સ્વચ્છ હતું. તેનાપર લાકડા પથ્થરાનો ઉભો કરેલો કાચ ચલાઉ પુલ ઓળંગી ખરચું પાણી જઇ સ્નાન કર્યું. બાવાને જેમ લંગોટીની વ્યાધી વળગે તેમ મને કાશીથી સુપ્રત થયેલા યાત્રીની વ્યાધી નડવા લાગી. આ બુઢો યાત્રી એવો દીર્ઘસત્રી હતો કે ઉઠતાં બોલતાં પેશાબ કરતાં પાણી પીતાં વાત કરતાં પાંચ દશ મિનિટ સહજ કાઢી નાંખે, જમવા નહાવામાં તો તેને બે ત્રણ કલાક જોઇએજ એટલુંજ. નહિ પણ તેને મજુર સાથે ચાલવાનું કે સામાન, સંભાળવાનું કહ્યું હોય તો તેની પણ દરકાર ન રાખતા અહીં તહીં અલો બેસી રહે. આ ડોસો યાત્રી તેની નાની વયમાં કીર્તનનો ધંધો કરતો હતો તેથી સવ કાળ તે ડ ડ ડ ડ ડ—ન ન ન ન ન એવી ધુનમાં ને ધુનમાં રહેતો હતો. તેની સ્ત્રી એકાદ વર્ષ પહેલા ગુજરી જવાથી તેનું હૃદય

સંગમ હતું તોય તે તેની સાઠ વર્ષની વયે મેટ્રીક પછીનો અભ્યાસ કરતો હતો. જેનામાં કાંઇક દમ-યુક્તિ જુવે તેને ગુરૂ કહી તેની સાથે પોતે શિષ્ય તરીકે વર્તતો. જંગલ પહાડોની મુસાફરી અતિ અસહ્ય હોવાથી તેને સાવધાનતા પૂર્વક સાથે રહી હુશિયારીથી વર્તવાનું અનેક વખત કહેવા છતાં તેણે બહુ કંટાળો આપવા માંડયો. મજુર તથા સામાનને ઇશ્વરના આશરે પડતો મૂકી સ્વચ્છંદે ચાલવા બદલ ઠપકો દેતાં તે જવાબ દેતો કે, ઉસમે કયા ! જો કુછ હોનેકા હોગા. ચલો, એ તો હો ગયા વિગેરે. ચુરીઆ ચટ્ટીમાં રસોઇ કરવાનું યોગ્ય સ્થળ ન મળવાથી નાસ્તો કરી ચાર માઇલ હેટૈરા ચટ્ટી થઇ ૬ માઇલે ભૈસાચટ્ટી આવ્યા.

આખો દિવસ ચાલવાના પરિશ્રમથી થાકી જઇ ભૂખથી અશક્ત બની ભૈસામાં રાત્રિ રહેવા ધાર્યું પરંતુ ભૈસામાં ધર્મશાળા કે સરકારી ઉતારાનું સાધન નહતું. નેપાલી લોકની દુકાન-ચટ્ટી હતી પણ દુકાનદારોની પાસેથી રસોઇનો સામાન ખરીદવા છતાં તેઓ ઉતરવા માટે કે રસોઇ કરવા સારૂ થોડી પણ જગ્યા દેતાં નહિ. નેપાલી દુકાનદારોનું દુકાન ઘર પણ કસાઇખાના જેવું લાગે છે કારણ દરેક દુકાન ઘરમાં ઇંડા અને મરઘા કુકડા દષ્ટિએ પડે છે. અતિશય થાક તથા ભૂખ લાગી હતી. મજુર તથા સાથી પણ આગળ ચાલવા માટે સાફ ના કહી બેઠા હતા તો પણ ઉતરવાની સગવડ ન થતાં સાથી મજુરને સમજાવી ભૈસાથી બે માઇલ ચાલી એક ગમાણ જેવી ચટ્ટીમાં આવી દુકાનદારને વિનવી રાતવાસો કર્યો.

આજે બુઢા સાથીને એકાએક ગુસ્સો આવવાથી તે અસહકાર કરી બેઠા. ખીચડી બનાવી પણ તેણે તે ન ખાતાં પોતા પાસેનો

નાસ્તો કર્યો. ભેજ તથા ખાડાવાળી પર્ણકુટીમાં ઠંડીથી ધ્રુજતા રાત્રિ વિતાડી સવારે ૨ માઇલ ચાલી ભીમફેરી આવ્યા.

## ભીમફેરી.

સેમરાથી ચાલ્યા પછી જંગલ શરૂ થયું હતું તે ભીમફેરી નજીક આવતાં છૂટી ગયું. વીરગંજ રકસોલથી બેલગાડાઓમાં આવેલો માલ ભીમફેરીમાં ખાલી કરવો પડે છે. હેટૈરાથી ભીમફેરી સુધીનો રસ્તો કંઇક ચડાઇ ઉતરાઇવાળો હતો પણ ભીમફેરીથી આગળ ખડમકું જતાં ભયંકર પહાડ પર્વતોની ચડાઇ ઉતરાઇ આવે છે એટલે બેલગાડાને ભીમફેરીમાં માલ ઉતારી પાછા ફરવું પડે છે. હેટૈરાથી ભીમફેરી સુધીમાં રસ્તો એટલો બધો બેલગાડાથી રૂંધાઇ ગયો હોય છે કે તેમાંથી મુસાફરને પસાર થતાં વખતે વખતે બબ્બે કલાક વીતી જાય છે. બેલગાડાવાળા તમામ હિંદુસ્થાની, હિંદુ મુસલમાન ભૈયા છે. તેઓ બંગાળી દશથી બારમણ બોજો ગાડામાં લાદે છે અને વીરગંજ રકસોલથી ભીમફેરી સુધીનું ભાડું મણે રૂા. ૧) કે ૧)= લે છે. આ ગાડાવાળા એવા જડબુદ્ધિના છે કે રસ્તાની એક બાજુ ગાડું હાંકી જલદી પહોંચવાને બદલે એક સાથે જેટલા બને તેટલા બાજુ બાજુમાં હાંકે છે તેથી આખો રસ્તો ગુંગળાઇ જાય છે તે એટલે સુધી કે તેઓ ખુદ પોતે નથી ગાડું આગળ લઇ જઇ શકતાં કે નથી પાછળ ખેંચી શકતા. નેપાલ સરકાર પણ જેમ ધર્મશાળા કે લોકોની સુખ સગવડતાના સાધન તરફ બેદરકાર છે તેમ આ ગાડાવાળાઓને નિયમમાં રાખવા માટે પણ લવલેશ દરકાર કરતી નથી.

નેપાલી ઓફીસર કે જે ઘોડા ખચ્ચરપર સ્વાર થયેલો હોય છે તેની સાથે એક નેપાલી માણસ દોડયો દોડયો ચાલે છે તે માત્ર એટલોજ બંદોબસ્ત રાખે છે કે કોઇ અધિકારી કે મોટો માણસ મોટર માં પસાર થવાનો હોય ત્યારે ગાડા ખચ્ચર તમામ વાહનોને ચાર છ કલાક અગાઉથી રસ્તાની એક બાજુ ઉભા રખાવે છે. બેલગાડા-વાળાઓને બેલ-બળદોને ચડાઇ ઉતરાઇ તથા પાણી કાદવ ગારાવાળા રસ્તે માલ ભરી ગાડું ખેંચી લઇ જતાં અતિ કષ્ટ સહેવું પડે છે. આ વખતે બળદની સ્થિતિ ભયંકર હોઇ જોનારને કમકમાવે છે. આમ છતાં ગારા કાદવ પાણી વિનાની સડકે ગાડાવાળાને ગાડું હાંકવાની છૂટ નેપાલી સરકાર આપી શકતી નથી. કદાચ કોઇ ભૂલે ચૂકે ગાડું હાંકે તો તો તેને કઠોર શિક્ષા ખમવી પડે છે.

છેલ્લા બે વર્ષ દરમ્યાન નેપાલ સરકાર એક પાકી સડક ભીમ-ફેરીથી વીરગંજ સુધી બંધાવી રહી છે. આ સડક બંધાયે તેપર મોટર લોરી સરવીસ કાઢી તેમાં પેસેન્જર તથા માલ લાવ લઇજા કરવા ધારે છે. સંખ્યાબંધ નેપાલી મજુરો કાંકરી ભાંગવાનું, સડક બાંધવાનું, લાકડાના પુલ બનાવવાનું કામ આખે રસ્તે કરી રહ્યા છે.

ભીમફેરીમાં ડોકટર યાત્રીની નાડ તપાસી આગળ જવા દે છે. વીરગંજથી લીધેલ પાસ અહીં બદલી બીજો નવો લેવો પડે છે. સામાન તપાસી, કુલી સાથે હોય તો તેની ત્રણ આના આપી રજીસ્ટ્રી કરાવવી પડે છે. ભીમફેરી ગામ મોટું છે તેમાં મોટે ભાગે વેપારીઓ, અધિકારીઓ અને મજુરવર્ગ રહે છે. દુકાનદારો પણ ધંધો ઠીક ચાલતો હોવાથી અહીં સારી સંખ્યામાં છે. વીરગંજમાં નેપાલી પ્રજા છે

પણ તે પ્રાયઃ મિશ્ર પ્રજા છે પરંતુ ભીમફેરીમાં તો શુદ્ધ નેપાલી પ્રજા કુટુંબ પરિવાર સાથે વસે છે. નેપાલી તથા હિંદુસ્થાની વેપારીઓ હિંદુસ્થાનથી બેલગાડામાં આવેલા માલને ખટમંડુ મોકલવા માટે પેઢી ગોદામ રાખી અહીં રહ્યા છે. અહીં ઠંડી સખ્ત પડે છે. પાણી બરફની માફક ઠંડુ જણાય છે. ભીમફેરીમાં ધર્મશાળા, દવાખાનું, ટપાલ, નિશાળની વ્યવસ્થા છે.

મારા સોબતી વૃદ્ધ દક્ષિણી યાત્રી ભીમફેરી સુધી તો જેમ તેમ પહોચ્યા પણ પછી વ્રત લઇ બેઠા કે કંડી કે બેસવાના વાહનની સગવડ કરી આપો તોજ અહીંથી આગળ પગલું ભરીશ નહિતર પડયો રહીશ અથવા પાછો જઇશ. પ્રયાસ કરી ભીમફેરીથી ખટમંડુ –ઇંદ્રચોક ૨૩ માઇલ છે ત્યાં સુધીના રૂા. ૫) ઠરાવી કંડી ( એટલે લાંબા સુંડલા જેવામાં બેસાડી લઇ જનાર) કરી લઇ પ્રયાણ કર્યું.

## સીસાગડી–ચંદ્રાગડી.

મસુરી–હિમાલયના પહાડ પર્વતોની માફક હિંદુસ્થાનથી ભીમફેરી રસ્તે નેપાલમાં દાખલ થવા અગાઉ સીસાગડી અને ચંદ્રાગડી નામના બે ભયંકર પહાડો ચડવા ઉતરવા પડે છે. સીસાગડી પહાડની ચડાઇ અતિ વિકટ છે. રસ્તો કેવળ ઉભી ચડાઇવાળો પથ્થરાળ તથા ખાડા ટેકરાવાળો હોઇ મુસાફરને ચડતા ઉતરતા પુષ્કળ થાક લાગવા ઉપરાંત ગબડી પડવાનો જબર ભય રહે છે. નેપાલી સરકાર તેને સુધારવા કોશિષ કરે છે પણ અદ્યાપિ પર્યંત તે સંતોષકારક બનાવી શકી નથી. આ પર્વત રુક્ષ–સુકા છે. જમનોત્રી ગંગોત્રીની માફક વનસ્પતિ કે નદી ઝરણાનો રમણીય દેખાવ નથી.

હિમાલયના પવિત્ર સૃષ્ટિ સૌંદર્યવાળા પ્રદેશમાં પ્રવાસ કરતાં જે આનંદ, ઉત્કૃષ્ટ વિચાર સ્ફુર્તતા તથા જપ તપ પરમાર્થ ભાવ પેદા થનો તે આ માર્ગે ભાગ્યેજ થાય છે. આનું કારણ સ્થાન સ્થાનનો મહિમા પ્રતાપ ગણી શકાય.

ત્રણ માઇલની ચડાઇ ચડી સીસાગડી પર્વતપરની ચોકીએ પહોંચ્યા. ચોકીપર પહોંચના ચોકીદારો પ્રથમ યાત્રીનો પાસ જોઇ બદલાવી આપે છે. પછી કુલીનો રજીસ્ટ્રી પાસ તપાસે છે બાદ સામાન ખોલ.વી જુવે છે. જો તેમાં જગાતવાળી ચીજ વસ્તુ હોય છે તો સેંકડે પાંચ ટકાના હિસાબે જગાત લે છે. દુર્દૈવે જો કોઇ યાત્રી મુસાફર પાસ ગુમાવી દે તો તેની ભારે દુર્દશા થાય છે. અવશ્ય તેને પાછોજ કાઢ વામાં આવે. નેપાલી ચોકીદારો-નોકરો બહુ જાડી બુદ્ધિના છે. તેઓ કોઇનું કહેવું જરાપણ સાંભળવા ઇચ્છતાં નથી. એ લોકો તો હુકમને બરાબર બજાવવામાંજ પોતાને કૃતાર્થ માને છે. સીસાગડી પર્વતની ટોચેથી ઉપરના વિધિ–ક્રમમાં પસાર થઇ ઉતરાઇ ઉતરવા માંડી. ત્રણ માઇલની ઉતરાઇ ઉતરી કુલીખાની ચટ્ટી આવ્યા. કુલીખાની નદી ઉપરાઉપરી પર્વતોને ફરતી વાંક ખાઇ વહી રહી છે. નદીનો વેગ કે ઉંડાઇ ગંગા મંદાકિની યમુનાજીની માફક ગહન કે બલવત્તર નથી પણ કેડ સુધી છિછરો તથા શાંત છે. કુલીખાની ચટ્ટીપર બે ત્રણ દુકાન તથા ધર્મશાળા છે પણ અહીંની ધર્મશાળામાં પ્રાપ્ત નાંખેલ નથી તેમ ઓસરી કે ઓરડીની સગવડ નથી. ધર્મશાળા તબેલા જેવી જર્જરીત ગંદી દશામાં છે જેમાં મોટા ભાગે નેપાલી કુલીલોક ઉતરે છે તથા ઓફીસરોના ઘોડા બંધાય છે.

દુકાનોમાં દહી દુધ લગભગ આખે રસ્તે વેચાતું મળતું હતું.

દહીં દૂધ મોટા માટીના દોણુકામાં કે લાકડાની બરણીમાં દુકાનદારો રાખી વેચે છે. ખાવામાં જરાય સ્વાદ હોતો નથી. ભૂખ તરસ છિપાવવા દહીમાં જરાક મીઠું નાંખી પીઇ લઇ ૫ માઇલ ચાલી મોડી સાંજના ચિતલાન્ પહોંચ્યા.

ચિતલાન્ ગામ જે ચાલીશ પચાશ ઘરનું છે ત્યાં વરતા દુકાનદાર ગૃહસ્થીઓમાં ઉતારો શોધ્યો છતાં કોઇએ ન આપ્યો એટલે થાકીને લોથ થઇ ગયેલ તોપણ એક માઇલ વધારે ચાલી ધર્મશાળા પહોંચ્યા. ધર્મશાળામાં ઉતારૂ યાત્રી ખીચોખીચ ભર્યા હતા. ઘોર અંધારામાં રસ્તાની કે માણુસોની સુઝ પડતી ન હતી. ધર્મશાળાની ભોંય તળીએ જગ્યા ન મળતાં કુલી સાથે ઉપર એક માળ હતો ત્યાં ગયા પણુ ત્યાં બધુંય ભરેલું પડયું હતું સરકારની બેદરકારી માટે તથા નેપાલીઓની નિષ્ઠુરતા માટે તેને દોષ દેતાં, મોટેથી કહી સંભળાવતાં સાંભળનારાઓની સહાનુભૂતિ ખેંચી બેસવા અને સામાન મૂકવા જેટલી જગ્યા મેળવી. ભૂખની દાઝ તીવ્ર હતી પણુ આવા વિપરીત સંજોગમાં શી રીતે રસોઇ બનાવવી ! ટિફીન બોક્સમાંથી ભાતું કાઢી જમી પાણી પીઇ હળવે હળવે શેત્રંજી પાથરી પગ લંબાવ્યા. આખી રાત્રિ ઠાઢ સખ્ત રહી. પેલા બુઢા જોડીદાર માટે બે કલાક રાહ જોઇ તપાસ કરાવી પણુ મોડીરાત સુધી મેળાપ થયો નહિ. ચિંતા અને વ્યાકુળતા થયા કરતી કે આનું શું થયું હશે ! આવા માણુસને સંગાતે લેવામાં સંપૂર્ણ જોખમ અને જવાબદારી છે. તેને સાથે ન લીધા હોત તો વધારે સારૂં હતું. લાંબી અને દુર્ઘટ મુસાફરીમાં પરસ્પરની સહાય દેખરેખથી દુઃખ અગવડતા ઓછી થાય એ સ્વાભાવિક છે પણુ આવા અજાણ્યા અને ઢંગધડા વિનાના

માણસના સમાગમથી તો ઉલટું કષ્ટમાં ઉમેરો થાય છે વગેરે વિચાર કરતાં નિદ્રા આવી ગઇ.

નિત્યના નિયમ પ્રમાણે ચાર વાગે આંખ ઉઘડી ગઇ. કુલીને જમાડી જુદા સાથીની તપાસ કરાવી પણ પત્તો લાગ્યો નહિ. એક કલાક રાહ જોયા પછી પાંચ વાગે કડકડતી ઠંડીમાં પ્રયાણ કર્યું. પગમાં મોજા, શરીરપર ઓવરકોટ તથા સાલ અને શિરપર કાન ઢાંકી સાફો બાંધેલો હતો; છતાં ટાઢની સુસવાટી સહેવી મુશ્કેલ હતી. ચિતલાનથી થોડુંક ચાલ્યા બાદ ચડાઇ શરૂ થઇ તે ક્રમેક્રમે થાક ખાતાં ખાતાં ચડતાં છેક ટોચપર આવ્યા ત્યારે દમ કંઠે થઇ મોઢે અને નાકમાં આવ્યો. આ ચંદ્રાગડી પહાડ સૌથી નેપાલમાં ઉંચો અને વિકટ મનાય છે. ઘણીવેળા આ પહાડપર બરફ પડે છે જેની હદપમેહદ ઠંડીની અસરથી માણસ મૃત્યુ પામે છે. અમારા પસાર થવા પછી છઠ્ઠે દિવસ વરસાદ હવાનું સખ્ત વાવાઝોડું થતાં બરફ પડયો જેની અસરથી આ પર્વતપર આઠ માણસ મરણ પામ્યા હતા.

જેવી રીતે હિમાલયમાં પવાલીના આકાશ જેવડા ઉંચા પર્વતો પરથી સુમેરૂ પર્વતના સુવર્ણ સદશ હિમ આચ્છાદિત શિખરો નયન તૃપ્ત કરી અવર્ણનીય આનંદ આપે છે તેવીજ રીતે ચંદ્રાગડી પર્વત ચડયા બાદ નેપાલની રાજધાની ખટમંડુ શહેર, તેની આસ-પાસના ખેતરો પર્વતો તથા બરફવાળા હજારો પહાડોની હારમાળા નજરે પડે છે. એ તપ્ત સુવર્ણ જેવી શોભાવાળા પર્વતોની હારમાળા પાંચ મિનિટ સુધી ખૂબ જોયા પછી ચંદ્રાગડીની અતિ વિકટ ઉત-રાઇ ઉતરવા માંડી. ઉતરાઇ મોટી મોટી પગથીઆવાળી શિલાઓ

પર પગ મૂકી ઉતરવાની હતી. ધુમસ તથા ઝાકળથી પથ્થર ભિંજાયલા હતા. આકરી ઉતરાઇ ધ્યાન આપી ઉતરવા છતાં પગ વારંવાર લપસી જતા હતા. જો એકવાર પગ આડો ટેડો પડી જાય તો નીચે ખાઇમાંજ ગબડી પડવાનું હતું. ત્રણ માઇલે થાનકોટ ગામ કે જે નેપાલનું નાકું છે ત્યાં આવી પહોંચ્યા.

જે માણસે હિમાલય કાશ્મીર કે એવા કોઇ બીજા પ્રદેશોની મુસાફરી કરી નથી તેને તો આ ચંદ્રાગડી સીસાગડા પહાડ અતિ ભયંકર જ લાગે. તેમ તેપરથી નેપાલનું મનોરમ દૃષ્ય પણ સર્વ શ્રેષ્ટ લાગે; પરંતુ જેણે એ દેશોનું પર્યટન કર્યું છે તેને નેપાલની વિકટતા કુછ બિસાતમાં ન લાગે. નેપાલનો પ્રવાસ ઘણો દુઃખ અગવડ ભર્યો છે છતાં અમોને એથી વિશેષ વિતેલી હોવાથી ગભરામણ કે કંટાળો આવતો નહિ.

થાનકોટમાં બે ત્રણ દુકાનો તથા ઘર છે. સ્નાન સેવા ટીમણુથી પરવારી ખટમંડુ તરફ ચાલવા માંડ્યું. હવે ઝાઝી ચડાઇ ઉતરાઇ આવતી નથી તેમ સડક પણ પહોળી રોનકદાર છે. સડકપર કોઇ કોઈ ઘોડેસ્વાર તથા સાઇકલવાળા પણ દેખાવો દે છે. સડકની બન્ને બાજુ કયાંક દુકાન, કયાંક ખેતર, કયાંક પર્વત અને કયાંક ગામ આવે છે. આસ્તે આસ્તે ચાલતાં ખટમંડુ ઈંદ્રચોક જે થાનકોટથી પંચ માઇલ છે ત્યાં જગદીશ કૃપાથી સવારના અગીઆર વાગે કાશીથી છઠ્ઠે દિવસે પહોંચાયું. ખરૂં છે કે માણસનો શુભ સંકલ્પ વહેલો મોડો અવશ્ય પ્રભુ કૃપાથી પરિપૂર્ણ થાય છે.

## ખટમંડુ–ઇંદ્રચોક.

જપાનની જેમ સુંદર ઘાટના નાનકડા નાજુક મકાન તથા કોઇ કોઇ ભવ્ય મહાલય ખટમંડુમાં પણ છે. મકાનના બાંધણી બહુધા પ્રાચીન હોઇ બૌદ્ધકાળને અનુસરતી છે. એ પરથી એમ સમજાય છે કે એક સમય નેપાલમાં પણ બૌદ્ધમતવાળાઓનું જોર હશે. મકાનો બેથી ત્રણ માળના પથ્થર–ઈંટોના બનેલા છે પણ તેમાં લાકડું અતિ પ્રમાણમાં વપરાયલું દેખાય છે. શહેરમાં પ્રવેશ કરી અંદર આવતાં દેવતાઓના મંદિર ઠામ ઠામ દેખાવા લાગ્યા. ખટમંડુ–ઈંદ્રચોક પૂછી બાબુ સીતારામ હરિહરરામની પેઢીમાં ગયા કે જેની પેઢીઓ કલકત્તા રકસોલ વિરગંજ ભીમફેરીમાં પણ છે અને જે મારા મિત્રના વેપારી હોઇ તેનાપર ભળામણપત્ર લખાવી આપવા ઉપરાંત મિત્રે વારંવાર ભળામણ લખી મોકલાવી હતી તેને ત્યાં ઉતારો કર્યો.

ખટમંડુ શહેર અને તેની આસપાસના સ્થાનો જોતાં દષ્ટાને સ્પષ્ટ ભાસ થતો કે પોતે કોઇ નવી અલૌકિક દુનિયામાં આવી ચડેલ છે. મકાન, રસ્તા, માણસ, પહેરવેશ, રીતિનીતિ, ચીજ વસ્તુ, ભાષા તમામ નવીન જણાય છે. ખટમંડુ શહેર ઘણું મોટું છે. તેની વસ્તી ૨૨ હજાર ઘરની ગણાય છે. એક ઘરમાં ઓછામાં ઓછા દશ માણસ રહે છે. ખટમંડુ શહેરનો મૂળ ભાગ જ્યાં રાજાધિરાજનો જૂનો રાજમહેલ આવેલો છે તે ભાગ તો હવે શહેરનો વિસ્તાર થતાં એક ગલ્લી કે મહોલ્લારૂપે ગણાય છે. શહેરમાં જેમ મંદિરો ઠામ ઠામ છે તેમ મોટા મોટા ચોક–બજારો પણ જગ્યા જગ્યાપર આવેલા છે. ચોકોમાં કેટલાકના નામ આ પ્રમાણે છે:—ઇંદ્રચોક,

મખનટોલ, અસનટોલ, મરૂનટોલ હનુમાનઢોકા વિગેરે. દરેક ચોકમાં કાપડ, કરીયાણું, શાક, મીઠાઇ, શરાફ-નાણું લેવા વેચવા વટાવવા બદલવાવાળાની પુષ્કળ દુકાનો આવેલી છે. સ્કુલ, હાઇસ્કુલ, કોલેજ, રાજમહેલો, ટંકશાળ, જેલખાનું, કોર્ટો, દારૂગોળા બનાવવાનું કારખાનું, લશ્કર વગેરે પણ ખટમંડુમાંજ છુટા છવાયા વસેલા છે પરંતુ તે બધાયમાં ઇંદ્રચોકમાં મોટી મોટી કાપડ કરીયાણું સોના ચાંદી કુકરી-હથિયાર વગેરેની પુષ્કળ દુકાન પેઢીઓ છે. કાપડ કરીયાણાનો ધંધો તો બહુધા આપણા હિંદુસ્થાનના મારવાડી અને હિંદુસ્થાની ભૈયા વેપારીઓના હાથમાંજ છે. તેઓ ૪૦-૪૨ દુકાન રાખીને ૩૦-૩૫ વર્ષ અગાઉથી વેપાર ધંધાર્થે આવી વસેલા છે અને વેપાર લાભકારક તથા જથ્થાબંધ હોઇ બે પૈસા સારી પેઠે કમાઇ સ્થાયી થઇ રહ્યા છે.

## ભગવાન પશુપતિનાથ.

ખટમંડુથી બે માઇલ દૂર સીધી સડકના રસ્તે ભગવાન પશુપતિનાથનું પ્રસિદ્ધ ધામ છે. બાર જ્યોતિર્લિંગોમાં એક શ્રીપશુપતિનાથ મહાદેવ બાગમતિ નદીના કિનારે ભવ્ય મંદિરમાં બિરાજે છે. મંદિરની આસપાસ ફરતી ધર્મશાળા તથા દુકાનો છે. મંદિર ખૂબ એટલું વિશાળ છે કે તેના ચોકમાં એક લાખ માણસથી વધારે ઉભા રહી શકે એમ છે અને ફરતા ઓરડાઓમાં યાત્રી સાધુસંતઉતારો કરી શકે એવું છે. મંદિરમાં દાખલ થતાંજ એક અતિ વિરાટ નંદી દષ્ટિએ પડે છે. એ મોટા હાથી જેવડા નંદીની પ્રતિમા તાંબાની બનેલી હોઇ સુવર્ણથી ગિલીટ થએલી છે. મંદિરને ચાર દરવાજા છે.

ચારેય દરવાજા અને દિવાલ ચાંદી સુવર્ણના પતરાથી મઢેલા છે. યાત્રી બાગમતીમાં સ્નાન કરી દક્ષિણ દરવાજેથી મંદિરમાં પ્રવેશ કરી ભગવાન પશુપતિનાથના દર્શન કરી જલ પુષ્પ ભેટ ચડાવી સ્તુતિ કરે છે.

શ્રીપશુપતિનાથની પ્રતિમા અને પ્રભાવ અલૌકિક છે. પ્રતિમા ત્રણ હાથ ઉંચી શ્રીશિવજીના મુખારવિંદની અત્યંત દેદીપ્યમાન છે. ભગવાન શિવજીની પૂજા જ્યાં જ્યાં થાય છે ત્યાં ત્યાં સર્વત્ર લિંગનીજ થાય છે; પણ માત્ર આ એકજ એવું અપવાદવાળું સ્થળ છે કે જ્યાં મુખની પ્રતિષ્ઠા થયેલી છે. ભગવાનનો મહિમા અગાધ છે. નેપાલીઓ તો તમામ શ્રીપશુપતિનાથનેજ આરાધ્ય અને ઇષ્ટદેવ સમજે છે; એટલુંજ નહિ પણ તદુપરાંત રાજાધિરાજ પણ પશુપતિનાથનેજ પરમ ભાવથી માને છે. પ્રતિમાની શાસ્ત્રોક્ત વિધિથી સવાર સાંજ પૂજા પાંચ વેદશાસ્ત્ર સંપન્ન બ્રાહ્મણો કરે છે. પૂજારી બ્રાહ્મણો હિંદુસ્તાનના મહારાષ્ટ્ર પ્રાંતના શુદ્ધ આહાર વિહારવાળા હોય તેનેજ પરીક્ષા કરી રાખવામાં આવે છે. પાંચે પૂજારીઓને મંદિર તરફથી રૂપિયા બારસો પંદરસો બેહજાર એમ યોગ્યતા પ્રમાણે વર્ષાસન કરી આપી રહેવા માટે મકાન તથા નોકરની સગવડ આપવામાં આવે છે. મંદિરનું વાર્ષિક ખર્ચ રૂા. બે લાખથી વધારે છે જેમાં ફક્ત પ્રત્યેક માસની પૂર્ણિમાની મહાપૂજાનું રૂા. પંદરસોથી વધારે ખર્ચ થાય છે જે સર્વ રાજાધિરાજ તરફથી પૂરૂં પાડવામાં આવે છે નેપાલી લોકો તો પશુપતિનાથની પરમ ભક્તિભાવથી આરાધના કરી આ લોક પરલોકનું સાર્થક માને છે પણ આપણા દેશમાંથીય ૩૫ થી ૪૦ હજાર યાત્રી દર વર્ષ શિવરાત્રી પ્રસંગે અહીં ( નેપાલમાં ) શ્રીપશુપતિનાથના

દર્શનાર્થે આવે છે જેમાં મોટાભાગે સાધુસંત તથા ભૈયા હોય છે. આપણા ગુજરાત કાઠિયાવાડના યાત્રી ક્વચિતજ હોય છે. આ વર્ષ યાત્રા વેપાર રોજગાર અને મુસાફરીના બહાનાથી આવેલા કાઠિયાવાડી ગુજરાતીઓ મારા સહિત માત્ર ૬ હતા.

યુદ્ધ, વેપાર કે લગ્ન જેવા માંગલિક કાર્ય પ્રસંગે નેપાલીઓ પશુપતિનાથની પૂજા અર્ચા સ્તુતિ કરી આશીર્વાદ મેળવ્યા પછીજ શુભ કાર્યની શરૂઆત કરે છે. સામાન્ય પ્રજાજનથી રાજાધિરાજ સુદ્ધાં દેવની આજ્ઞા લીધા સિવાય ડગલું આગળ મૂકતાં નથી. પશુપતિનાથ પણ પ્રત્યક્ષ હાજરાહજુર દેવ છે. શુદ્ધબુદ્ધિથી આરાધન કરનાર હરેક ભક્તજનની ઇચ્છા પરિપૂર્ણ કરી તેને મનવાંચ્છિત ફળ આપે છે આ વાત કપોલ કલ્પિત નથી પણ સત્ય—અનુભવ સિદ્ધ છે એમ નેપાલના વૃદ્ધ બાળયુવાન સ્ત્રીપુરૂષ કહી રહ્યા છે.

## પ્રજામાં મૂર્તિમંત હિંદુધર્મ.

નેપાલીઓમાં ખાસ વિશેષતા તો એ છે કે ત્યાં—નેપાલમાં હિંદુ સનાતન ધર્મ તેના સંપૂર્ણ સ્વરૂપમાં ટકી રહેલો છે. જે હિંદુ સનાતન ધર્મ માટે હિંદુસ્થાનના હિંદુઓ મગરૂર છે, જેમાં હિંદુઓ પોતાનું સર્વસ્વ માને છે, જેના અગાધ સામર્થ્ય, પવિત્રતા અને શ્રેષ્ટતા માટે આખો સંસાર મરી ફીટે છે તે હિંદુ સનાતન ધર્મ અહીંના નેપાલી લોકોના જીવનમાં ઓતપ્રોત થયેલો દિસે છે.

હરેક નેપાલી સ્ત્રીપુરૂષોના કપાળમાં ચાંદલો, નાના મોટા પુરૂષોના માથાપર ચોટલી અને બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય જાતિના

પુરૂષોની ડોકમાં જનોઇ તો હોયજ છે. અહીં બ્રાહ્મણ જાતિ હિંદુસ્થાનની માફક અધોગતિ ભોગવતી નથી પણ સંપૂર્ણ માન સહિત જીવન ગાળે છે. કોઇ પણ બ્રાહ્મણ ભિક્ષુક તરીકે ભટકી લોકોને સતાવી હડસેલા ખાતો નથી પણ વેદશાસ્ત્રનો અભ્યાસ કરે છે અને પુરોહીત ઉપાધ્યાય તરીકેનું માનવંત બ્રાહ્મણ જીવન ગાળે છે. ઘણા ખરા વિદ્વાન્ વેદ પાઠી કે શાસ્ત્રાભ્યાસી બ્રાહ્મણ ગૃહસ્થ કે વિદ્યાર્થીઓને તો રાજા તરફથી વર્ષાસન મળે છે. બ્રાહ્મણ જ્યારે ઘરબહાર નીકળે છે ત્યાર તેને તમામ પ્રજા સન્માન આપે છે, પ્રણામ કરી માન દર્શાવે છે એટલે બ્રાહ્મણો સામાના કપાળપર હાથ મૂકી આશીર્વાદ આપે છે. ક્ષત્રિયો ઘણાખરા યુદ્ધ વિભાગમાં કામ કરે છે, વૈશ્યો ખેતીવાડી અને વેપાર કરે છે અને શૂદ્રો બોજો ઉપાડી તથા નોકરી કરી નિર્વાહ ચલાવે છે. અર્થાત્ નેપાલમાં જાતિ-વર્ણ ધર્મનું ઘણે અંશે પાલન મનુ ભગવાનની આજ્ઞા મુજબ થાય છે. બ્રાહ્મણ કે ગાયને કઠોર શિક્ષા થતી નથી પણ દેવતા, બ્રાહ્મણ અને ગાયના દ્રોહીને તત્કાળ ફાંસીની શિક્ષા થાય છે.

સવાર સાંજ લોકો પાઠપૂજા દર્શનમાં આરક્ત રહે છે. સંગીત સાથે બબ્બે ત્રણત્રણ કલાક પૂજા ષોડશોપચારથી કરે છે. નેપાલી લોકો અમુક માર્ગ, સંપ્રદાય કે પંથના નથી પણ હિંદુ સનાતન ધર્મના તમામ દેવ: બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય, ગણપતિ, દેવી વગેરેને પ્રેમથી ભજે છે. વેદશાસ્ત્ર પુરાણ તથા અવતારોમાં બહુ માને છે. વારંવાર તીર્થયાત્રાએ નીકળી હિંદુસ્થાનમાં કાશી મથુરા જગન્નાથ દ્વારકા રામેશ્વર બદ્રીનાથ વગેરે સ્થળે ગંગા યમુના સ્નાન, દેવ દર્શન તથા તર્પણ શ્રાદ્ધ કરે છે. તીર્થયાત્રા નિમિત્તે નેપાલ બહાર

નેપાલીઓ પગ મૂકે છે તોપણ પરદેશગમન કરવા બદલ, દેશબહાર જવા માટે તેઓએ પ્રાયશ્ચિત્ લેવુંજ જોઇએ.

હિંદુસ્થાનની માફક અહીં નાતજાત કે ધર્મને કોઇ ઉમ્મગ-જૂઠો કહી ધર્મશાસ્ત્ર પુરાણોને ગપોડા માનતું નથી પણ પરમ શ્રદ્ધાથી દેવતા અને શાસ્ત્રમાં વિશ્વાસ રાખી મનુસ્મૃત્તિની આજ્ઞા મુજબ બહુધા લોક વર્ત્તે છે. તપ યોગ ઉપાસના યજ્ઞ યાગ હોમ હવન ભક્તિ જ્ઞાનમાં બહુ ભાવ ધરાવે છે. શિવરાત્રી પ્રસંગે જે જે સાધુસંત પશુપતિનાથની યાત્રાએ આવે છે તેનો આદર સત્કાર કરી તેઓને રાજા પ્રજા પૂરી દહી મીઠાઇ ખૂબ જમાડી દ્રવ્ય વસ્ત્રની ભેટ આપી સંતોષે છે અને સત્સંગ કરી પ્રશ્નોત્તર દ્વારા શંકા સમાધાન કરે છે. અહીં ચાર આચાર્ય: શ્રીવલ્લભાચાર્ય, શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય કે શ્રીમાધવાચાર્યમાંથી એકેય ધર્મ પ્રચારાર્થે આવી શક્યા નથી, એટલે તે તે સંપ્રદાયના અનુયાયી મળવા મુશ્કેલ લાગે છે અને તેથીજ નેપાલીઓ મોટા ભાગે ભગવતી દેવીના ઉપાસક હોઇ સ્થાન સ્થાનપર દેવીના મંદિરો જોવામાં આવે છે.

## નેપાલ સરકાર.

બીજા સ્વતંત્ર રાજ્યોની માફક નેપાલ પણ સ્વતંત્ર રાજ્ય છે. નાના મોટા ૨૨ રાજ્ય: ભાતગાઉ કીર્તિપુર, મકવાનપુર, ખટમંડુ, પાટન, બનપા, પનાતી, સાખુ, હારપીન વગેરેને જરમનીની માફક એકત્ર કરી નેપાલ રાજ્ય સ્થાપવામાં આવ્યું છે. નેપાલના બાદશાહ અથવા રાજાધિરાજ પાંચ સરકાર કહેવાય છે અને મુખ્ય દિવાન-પ્રધાન, તીન સરદાર કહેવાય છે. હાલના પાંચ સરકારનું નામ

શ્રીમાન્ ત્રિભુવન વીર વિક્રમ સહદેવ છે અને તીન સરકારનું નામ શ્રીમાન્ ચંદ્રશમશેર જંગ બહાદુર છે. તીન સરકારના અધિકાર નીચે ચીફ સાહેબ, જંગીલાટ, જનરલ, કરનલ, કપ્તાન, લેફ્ટનન્ટ, સુબેદાર, જમાદાર, હવાલદાર નાયક અને સીપાઇ અનુક્રમે છે.

રાજાધિરાજ—પાંચ સરકારની કુલ સત્તા તીન સરકારના હાથમાં સરી પડેલી છે. એ સત્તા કેવી રીતે પ્રધાનના હાથમાં આવી ગયેલી છે તે આગળપર દર્શાવીશું. તીન સરકારના હાથમાં કુલ રાજસત્તા જવા છતાં પ્રજાનો ભાવ રાજાધિરાજ પ્રત્યે ઓછો થયો નથી. રાજાધિરાજને તો નેપાલીઓ પ્રત્યક્ષ દેવ માને છે. ગમે તેવા તેના ગુણદોષ હોય તો પણ તેના વિષે કોઇ એકેય શબ્દ ઉચ્ચારવા ઇચ્છતું નથી. જેમ પ્રજા ધર્મ કે રાજ્ય વિરૂદ્ધ બોલવા માગતી નથી તેમ રાજ્યસત્તા તરફથી પણ રાજ્ય કે ધર્મ વિરૂદ્ધ એક પણ વાક્ય કદિ કોઇથી વદી શકાતું નથી.

નેપાલ સરકારને આશરે પાંચ કરોડ રૂપિયાની વાર્ષિક ઉત્પન્ન થાય છે. ૫૬ લાખ માણસની પ્રજા છે. એક લાખ માણસનું લશ્કર છે. એક હજાર ઉપરાંત ઘોડેસ્વાર અને જંગલમાં ૮૦૦ થી વધારે હાથી છે. રાજ્યને આવકનો મોટો ભાગ ખેતીવાડીમાંથી, જંગલના લાકડાના વેચાણમાંથી, જગાતમાંથી તથા કસ્તુરીના નિકાસથી પ્રાપ્ત થાય છે. નેપાલ સરહદપર આવેલું છે. અંગ્રેજ તથા કાબુલ લષ્કરનો સાથેના યુદ્ધ પ્રસંગે નેપાલીઓએ અદ્વિતીય પરાક્રમ બતાવી સ્વાધીનતા જાળવી અંગ્રેજોને સહાય કરવા બદલ કહેવાય છે કે નેપાલ સરકારને હિંદી સરકાર દશ લાખ રૂપિયાની વાર્ષિક ભેટ—ખંડણી આપે છે.

# શાસન પદ્ધતિ.

નેપાલ સરકારની શાસન પદ્ધતિ કેટલેક અંશે દુનિયાપરના બીજા રાજ્યોથી નિરાળી છે. રાજ્ય શાસન એકસો વર્ષ પૂર્વે મહાનુભાવ દશરથ રાજાના પદ્ધતિએ પ્રજાના પ્રતિનિધિઓની સલાહપૂર્વક ચલાવાતું હતું એમ ત્યાંના અનુભવી લોકોનું કહેવું છે પણ રાજાધિરાજની કુલસત્તા જ્યારથી પ્રધાન–તીન સરકારના હાથમાં મૂકાઇ છે ત્યારથી તીન સરકારની ઇચ્છાનુસાર રાજતંત્ર ચાલે છે. આમ છતાંય શાસન પદ્ધતિમાં ઘણા ઉચ્ચ તત્વો રહેલા છે.

નેપાલ રાજ્યમાં પ્રજાપર મ્યુનિસિપાલિટી કે ઇન્કમટેક્સ વગેરે નામનો કોઇ કર–ટેક્સ નથી. દિવાની કે ફોજદારી કોઇપણ પ્રકારની ફરિયાદ–દાવામાં વકીલનો ખપ પડતો નથી અર્થાત્ રાજ્યમાં વકીલાત થઇ શકતી નથી. કોર્ટ, કેસનો મુદ્દો વાદી પ્રતિવાદીના મુખથી સાંભળીને નિર્ણય આપે છે. દિવાની દાવો એક રૂપિયાથી એક લાખ સુધીનો હોય તથાપિ દાવો કરનારને ફક્ત બારઆના જેટલી નામનીજ ફી ભરવી પડે છે. બાદ ચૂકાદો થતાં કેસ હારી જનારે દશ ટકા ખર્ચ કોર્ટને આપવું પડે છે. ફોજદારી દાવામાં તો ફક્ત એકજ પૈસો કોર્ટ ફી આપવી પડે છે. મીલ કારખાનું, બેંક, વીમા કુંપની, અંગ્રેજ યુરોપીઅનની પેઢી, ટ્રામ, ટ્રેઇન, તાર કે નોટ કાગળીઆનું ચલણ નથી. વીરગંજથી ખટમંડુ અને અંદરના પ્રદેશમાં ટેલીફોન સરવીસ રાખવામાં આવી છે. ટેલીફોનમાં ત્રણ મિનિટ વાત કરવાનો ચાર્જ રૂ. ૧) પડે છે. વી. પી. મનીઓર્ડર નેપાલની અંદર કે બહારના કોઇપણ દેશમાંથી લાવી મોકલી શકાતું નથી. પોસ્ટ ઓફીસ

બે છે: એક નેપાલ સરકારની છે તે નેપાલની હદમાં કાગળ લાવે મોકલે છે અને બીજી અંગ્રેજ સરકારની છે તે હિંદુસ્થાન અને ઇતર દેશોમાંથી કાગળ પત્ર લાવે પહોંચાડે છે. પોસ્ટના ઘર આપણા દેશની માફક છે. નેપાલમાં દૈનિક અઠવાડિક કે માસિક છાપાઓ નીકળતાં નથી. તેમ સારા માઠું વ્યાખ્યાન કે જાહેર ચર્ચા થવા દેવાની મનાઇ છે.

ગાય બેલ કે બ્રાહ્મણ દેવતાનો વધ કરનાર પાતકી જીવને નેપાલ સરકાર તત્કાળ ફાંસીની કઠોર શિક્ષા કરે છે. હથિયાર રાખવાની હરેક પ્રજાજનને સંપૂર્ણ છૂટ છે. ફાંસીની શિક્ષા ગળામાં દોરડું લટકાવા થતી નથી પણ કુકરી નામનું તરવાર જેવું તેજસ્વી (નેપાલીઓનું) પ્રસિદ્ધ હથિયાર છે તેના ફટકાથી ધડ માથું જૂદું કરવામાં આવે છે. માત્ર બ્રાહ્મણને ફાંસી જેવી દેહાંત દંડની શિક્ષા થતી નથી પણ જીંદગીપર્યંત સખ્ત મજુરીની શિક્ષા થાય છે. વખતે કોઇ કોઇ વ્યક્તિ દેવીના ભોગ નિમિત્તે પાડાનો વધ કરે છે. મારનારના વિષે જો કોઇ ફરિયાદ કરે તો મારનારનો દંડ રૂા. ૧૦ અને ચાડી કરનારનો રૂા. ૫ દંડ થાય છે. કારણ જો જાહેર થયા છતાં મારનારનો દંડ ન કરવામાં આવે તો તે નિરંકુશ બની વધારે મારે અને ચાડી કરનારનો દંડ એટલા માટે કરવામાં આવે છે કે પાડા જેવા પ્રાણીઓને કોઇ મારે કે મરાવે નહિ તો લોકોને પગરખા માટે ચામડું વગેરે સસ્તા મળી શકે નહિ.

નેપાલનું પાયતખ્ત ખટમંડુ છે, એજ શહેર ખરૂં નેપાલ ગણાય. ખટમંડુની આસપાસના વીશપચીશ માઇલના વિસ્તારમાં પહોળી

સડક બાંધવામાં આવી છે. પ્રદેશ પહાડી છે એટલે ચડાઇ ઉતરાઇ થોડીઘણી ખરી તોપણુ તેનાપર સાઇકલ, ફેટીન, બે ઘોડાની ગાડી કે મોટર ચાલી શકે છે. સાઇકલ રાખા ચલાવવાની હરેકને છૂટ છે પણુ જો અકસ્માત થાય તો સાઇકલ પકડી તેનું જાહેર લીલામ કરી તેના જે પૈસા ઉપજે તે સાઇકલથી ઇજા પામેલા માણુસને આપવામાં આવે છે. એક ઘોડાની ફેટીન ગાડી, ઓફીસર અને ગૃહસ્થ રાખી શકે છે; પણુ બે ઘોડાની ગાડી અને મોટર જંગી લાટથી નાનો અધિકારી કે ગૃહસ્થ રાખી શકતો નથી. મોટર, બે ઘોડાની ગાડી કે તેથી ચડીઆતાં વાહનને તો માત્ર પાંચ સરકાર, તીન સરકાર, ચીફ સાહેબ અને જંગી લાટનેજ રાખવાનો અધિકાર છે.

નેપાલમાં લોકોના નિર્વાહનો મુખ્ય આધાર ખેતીવાડી પર છે. જમીન બહુ ફળ‍ુપ છે. નાના નાના ખેતરો જે વિશેષ કરી પહાડપર કે પહાડની મધ્યમાં આવેલા હોય છે તેનું મહેસુલ વીઘા ૧ ના રૂ. ૭ છે. આ વીઘો ચાર રોપનીનો ગણુાય છે. જગાતનું ધોરણુ દેશનો લાભ વિચારીને યોજવામાં આવેલ છે. જે વસ્તુની નેપાલમાં ઉત્પત્તિ થાય છે, જે ચીજની નેપાલને જરૂર નથી, જે ચીજ લાવવા દેવાથી નેપાલને નુકશાન થાય તેમ છે તે લાવવા માટે તો સખ્ત પ્રતિબંધ છે; પરંતુ જે ચીજ વિના નેપાલને ચાલતું નથી તે વસ્તુ લાવવાની નેપાલ સરકારે છૂટ રાખેલી છે. કાપડ પર જગાત સેંકડે ટકા ૩ાા, કરીયાણુા પર ટકા ૫, સોના ચાંદીપર ટકા ૩, લુણુની ગુણુ પર રૂા. ૦)ા, ગોળ મણુ ૧ પર રૂા. ૦ાા અને ચ્યાસલેટના ડબાપર રૂા. ૦ાા લેવાય છે. દવા-ઔષધી કે સિંધાલુણુપર કર લેવાતો નથી. દેશજનોને જીવનરૂપ પરમોપયોગી એવું નેપાલનું અનાજ ઘી

નેપાલ બહાર મોકલવાની મનાઇ છે. આથી હિંદુસ્થાનની માફક નેપાલમાં અન્નની મોંઘવારી કે છતે સાધને દીનતા—અન્ન વસ્ત્ર વગરની દુઃખી દશા ભોગવવી પડતી નથી.

## કસ્તુરી મૃગ.

હિંદુસ્થાનની તુલ્ય તો નહિજ પરંતુ હિંદના એક મોટા પ્રાંતની જેવડોય નેપાલ દેશ નથી. નેપાલની પહોળાઇ ચાલીશ માઇલથી વધારે નહિ હોય. લંબાઇમાં તેનો વિસ્તાર ૬૦૦ માઇલ જેટલો ગણાય. નેપાલની ઉત્તરે ટીબેટ તરફના બરફથી ઢંકાયલા હજારો પહાડોની હારમાળા છે, પૂર્વમાં હિમાલયના પર્વતો આવેલા છે, દક્ષિણમાં ચંદ્રાગડી સીસાગડી નામના હિંદુસ્થાન નજીકના પર્વતો છે તથા પશ્ચિમમાં ડાર્જીલીંગના પહાડો આવેલા છે. ચારેય દિશામાં કુદરતી કોટ કિલ્લારૂપી પહાડોની મધ્યમાં નેપાલ રાજ્ય આવેલું છે. આવી કુદરતી કોટ કિલ્લારૂપી દૈવી અનુકૂળતાને લઇનેજ નેપાલ જેવડું નાનકડું અને તેપણ જાતિયે તથા ધર્મે હિંદુરાજ્ય દુનિયાની સપાટીપર યુરોપિયન ગીધોના ચાંચમાંથી સ્વતંત્ર રહેવા પામ્યું છે. જો કે કુદરતી સહાય સાથે ખૂદ નેપાલ સરકાર અને પ્રજા ઉભય પણ અતિ સાવધાન તથા ધર્મીષ્ટ અને દેશાભિમાની છે. નેપાલમાં "ગરીબકી ઓરત સબકી ભાભી" જેવું કે વેશ્યાની જેમ "જો આવે ઉસકુ આને દો" એવી છૂટ રાખવામાં આવી નથી. નેપાલમાં દાખલ થવા ઇચ્છનારને પ્રથમ તો પરવાનગીજ મહા મુશ્કેલીએ મળે છે. તેમ નેપાલમાં પ્રજાનું પ્રજાત્વ ચૂસી સાતમા પાતાળમાં પેસાડી દે તેવી અહિંસાના રેંટીયાની કે ઢેઢની નપુંસક ચળવળ ચલાવવા દેવામાં આવતી નથી; કિંબહુના નેપાલમાં તો વેદશાસ્ત્ર પુરાણ ઇતિહાસને

અનુસરી મહારાણા પ્રતાપની માફક શૌર્ય વીર્યવાળી હિંસાત્મક યુદ્ધની તાલીમ અપાય છે. હમણાના તીન સરકાર ચંદ્રસમશેર, મહારાણા ઉદેપુરના વંશજ તરીકે પોતાને ઓળખાવી માનલે છે અને શ્રીમાન પાંચ સરકાર—રાજાધિરાજ પણ ક્ષત્રિયપણાનું અભિમાન રાખી તેમના પ્રથમ લગ્ન હિંદુસ્થાનના છપરા જીલ્લાના ક્ષત્રિય જાતિની કન્યા સાથે કરે છે. નેપાલમાં રાજદ્વારી વાત એટલી બધી ગુપ્ત રખાય છે કે તે પૂછી જાણવામાં ભારે આપદા પડે છે. કોઇ કોઇ વખત તો તેઓને પૂછવા જતાં પૂછનારને નેપાલીઓ ઠપકો આપી શંકાની નજરે જુવે છે. મારે પણ મુસ્કેલી વેઠવા ઉપરાંત નેપાલની હાલત જાણવામાં બહુ યુક્તિ પ્રયુક્તિનો આશ્રય લેવો પડયો હતો. કહેવાય છે કે નેપાલના પર્વતોમાં અતિ ઉપયોગી ધાતુ પ્રાપ્ત થઇ શકે તેમ છે; પરંતુ રાજ્ય તરફથી ખાણો ખોદવાનો હુકમ નથી કારણ જો નેપાલ સમૃદ્ધિવાન દેશ છે એમ યુરોપિયનોને જણાય તો તે ગાયકાઓ ગમે તે પ્રકારે લાગ શોધી વહેલા મોડા નેપાલપર તૂટી પડી નેપાલની સ્વતંત્રતા હર્યા વિના રહે નહિ એવું નેપાલનું માનવું છે.

આવા નૈસર્ગિક નેપાલ પ્રદેશની રાજધાની ખટમંડુ શહેરથી વીશ પચીશ માઇલના અંતરે ઉત્તરમાં ટીબેટ તરફ જે બરફાચ્છાદિત પહાડો આવેલા છે તે પહાડોનો નીચે જગપ્રસિદ્ધ કસ્તુરી મૃગો ઉત્પન્ન થાય છે. આ કસ્તુરી મૃગોના ડુટામાંથી કસ્તુરી નીકળે છે. કસ્તુરી મૃગોને પકડી મારવાનો અધિકાર નેપાલ સરકારે સ્વયં રાખ્યો છે છતાંપણ લોકો ચોરી છૂપીથી મૃગોને પકડી મારે છે. લોકો કસ્તુરી વેચે છે તેમાં ભેળસેળ અને દગો બહુભાગે માલુમ પડે છે. ચોખ્ખી કસ્તુરી તો નેપાલ સરકાર પાસેથી પ્રાપ્ત થઇ શકે છે. કલકત્તા

મુંબઇમાં જે કસ્તુરી ૩૬ થી ૪૦ રૂપિયે તોલો વેચાય છે તે નેપાલમાં રૂા. ૨૬ થી ૨૮ માં મળે છે.

## ટુરીખેલમાં શિવરાત્રી સરવસ.

ખટમંડુ શહેરના નાકે સ્ત્રીઓની તથા પુરૂષોની જૂદી જૂદી મોટી હોસ્પીટાલો છે. તે હોસ્પીટાલોની સામે ટુરીખેલ નામનું લશ્કરી મેદાન બેત્રણ માઇલના વિસ્તારમાં છે. શિવરાત્રી અને દશેરા એમ બે હિંદુઓના ભાગ્યવંત દિવસોએ રાજાધિરાજની દમદમા ભરી સ્વારી નીકળે છે. આજે શિવરાત્રીનો દિવસ હતો. પ્રાતઃકાળમાં વહેલા ચાર વાગે કડકડતી ઠંડી હતી, વરસાદ પડતો હતો તોપણ લોકો શ્રીપશુપતિનાથની પૂજા બાગમતીના બરફ જેવા શીતળ જળમાં સ્નાન કરી ધ્રુજતાં ધ્રુજતાં પણ કરતા હતા. મંદિરને ચાર દરવાજા છે તો પણ ભીડ બેહદ હતી. સ્નાન દર્શનથી પરવારવાનો સમય થયો એટલે બપોરના બે વાગાથી તમામ નેપાલી પલટણો તેના અપસર સાથે ટુરીખેલ મેદાનમાં હથિયાર સાથે એકત્ર થવા માંડી. જોતજોતામાં તો ત્રીશહજારથી વધારે ફોજ હાજર થઇ પરેઇડ કરવા માંડી. તોપો પણ દારૂગોળા સાથે ગોઠવાઇ ગઇ. હજારો લોકના ટોળા રસ્તાની બન્ને બાજુ ટુરી ખેલની ફરતાં લાઇનબંધ ઉભા રહી આતુરતાથી નિરીક્ષણ કરવા લાગ્યા. એકએકના દરજાને અનુસરી સુબેદાર કરનલ જનરલ આવવા માંડયા. બાદ જગીંલાટની સ્વારી આવી તેની આગળ દશ ઘોડેસ્વાર અને પાછળ દશ સ્વાર ખુલ્લા હથિયારે ચાલતા હતા અને વચમાં બે ઘોડાની ગાડી હતી. ગાડી ટુરીખેલ આવી પહોંચી એટલે ફોજે હથિયાર નમાવી તોપ ફોડી તેને માન આપ્યું. બાદ ચીફ સાહેબની સ્વારી આવી. પચીસ ઘોડે-

સ્વાર આગળ પચીશ પાછળ અને વચ્ચે તેની બે ઘોડાની ગાડી આવી પહોંચી એટલે તેને પણ તેને લગતું માન મળ્યું. બાદ તીન સરકારની સ્વારી આવી ગયા પછી રાજાધિરાજની સ્વારી આવી. રાજાની ગાડી આઠ ઘોડાથી જોડાયલી હતી. આગળ સો ઘોડેસ્વાર અને પાછળ સો ચાલતા હતા. જ્યારે સ્વારી મેદાનમાં આવી પહોંચી ત્યારે લશ્કરીઓએ હથિયાર નમાવી એકવીશ તોપ ફોડી માન આપ્યું. રાજાધિરાજ આવી ગયા પછી દશ મિનિટ વીતતાં એક સામટા હજારો બંદુકોના અને સંખ્યાબંધ તોપોના કાન ફાડી નાખે એવા અવાજો શરૂ થયા. આ દેખાવ પંદર મિનિટ ચાલુ રહ્યા પછી લોકોએ તથા બેંડવાળાએ રાજાધિરાજને સલામ ભરી બેંડ વગાડી માન આપ્યું. આ વખતનો દેખાવ અજબ હતો. દુશ્મનની છાતી પિગળાવે તેવો હતો. હિંદુઓને અભિમાન અને શરમ ઉત્પન્ન કરે તેવો હતો. અભિમાન એટલા માટે કે દુનિયામાં બાદશાહી ઠાઠમાઠ અને દબદબાવાળું હિંદુ રાજ્ય પણ અસ્તિત્વ ધરાવે છે અને શરમ એટલા માટે કે આપણે હિંદુસ્થાનના હિંદુઓ ચોવીશ કરોડની સંખ્યામાં હોવા છતાં ઘેટાં બકરાની માફક પરાધીનતા ભોગવીએ છીએ.

સન ૧૯૧૧ માં ઇંગ્લાંડના મુખ્ય શહેર લંડનમાં રાજા જ્યોર્જ પાંચમાના રાજ્યાભિષેક વખતે મેં તેની સ્વારી સરઘસ જોયું હતું; પણ તેના પંચખીચડી અને કૃત્રિમતાવાળા તત્ત્વ કરતાં આ કેવળ નેપાલી તત્ત્વવાળું સરઘસ અત્યંત ભવ્ય ભાસતું હતું. આમાં જો કાંઇ ખેદ અને ખામી જણાતી હતી તો તે માત્ર એટલીજ કે સાધારણ સીપાઇથી તે ઠેઠ રાજાધિરાજ સુધીના તમામ અધિકારીના શિરપર અંગ્રેજ ટોપો ઘલાયો હતો. જો આ વાનર નકલ કરવામાં આવી ન

હતે અને હેટ-ટોપાની જગ્યાએ પાઘડી સાફો મૂકવામાં આવ્યો હતે તો અત્યંત ભવ્ય દેખાવા સાથે સ્વમાનનું શ્રેષ્ટ ચિન્હ જાળવ્યું પ્રતીત થતે.

## નેપાલી લોક.

પ્રભુએ સૃષ્ટિની સુવ્યવસ્થા રાખવા સારૂ જેમ વર્ણઆશ્રમ પાડી લોકોનું કર્તવ્ય નિર્માણ કર્યું છે તેમ દરેક દેશની પ્રજાને તેના જાતિ ધર્મ તથા આબાદી ટકવા નિભાવવા સાથે તેને સુખ સંતોષ રહે માટે અમુક પ્રજાને સારૂ અમુક દેશ પણ નિયત કર્યો છે, જેમકે જાપાનીઓ માટે જાપાન, ચીનાઓ માટે ચીન, જરમનો માટે જરમન ફ્રેન્ચ માટે ફ્રાન્સ, અને હબશીઓ માટે આફ્રિકા વગેરે. નેપાલમાં પણ એજ પદ્ધતિએ નેપાલીઓ વસી રહ્યા છે. માત્ર હિંદુસ્થાનનાજ કોઇ લાખો જન્મના પાપ પ્રસર્યા હતા અને છે કે હિંદુ રાજાપ્રજાની બુદ્ધિ ભ્રષ્ટ થઇ જતાં જે આવે તેને વેશ્યાની જેમ આવવા દીધા. એવી મૂર્ખતાનું પરિણામ એવું તો ભયંકર દુઃખદાયક આવ્યું છે કે હિંદની મૂળ રહીશ હિંદુ જાતિ અધોગતિના ઉંડા ખાડામાં હડસેલા ખાતી ડૂબતી જાય છે અને એક વખતની આશ્રિત ખ્રિસ્તી, મુસલમાન, પારસી, યાહુદી આદિ જાતિઓ માથા ઉંચકી ઉંચકી દેવાય તેટલું દુઃખ દઇ, સધાય તેટલો સ્વાર્થ સાધી પોતપોતાના બાપિકા હક્ક હિંદમાં સાબીત કરવા નીકળી પડયા છે. ભમરીને જેમ કરોળીઆની ભાવના થતાં દીર્ઘકાળે તેપણ કરોળીઆની જાળમાં ફસાઇ ગુલામ બને તેમ હિંદુઓમાં પણ ઘણા અત્યારે તેની ગુલામી અને વર્ણસંકરતાને પસંદ કરી કાયમ કરવા ઇચ્છા બતાવી કોશિષ કરી રહ્યા છે.

નેપાલમાં નેપાલી પ્રજાની સ્થિતિ હિંદુસ્થાનથી તદ્દન વિલક્ષણ

છે. નેપાલમાં નેપાલીઓ બીલકુલ સ્વાધીનતા ભોગવે છે. રાજાપ્રજા એકજ જાતિ ધર્મ તથા દેશના છે એટલે પરસ્પરમાં વૈમનસ્યની જગ્યાએ તેઓમાં પ્રેમભાવ પ્રવર્તે છે. આખા નેપાલમાં પ્રાયઃ નવાણું ટકા નેપાલીઓજ વસે છે. નેપાલીઓ તમામ હિંદુ છે. હિંદુ ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે તમામ નેપાલી પ્રજા વર્તે છે. જો કે ટીબેટ નજીક હોવાથી ટીબેટના ભોટીઆ લોકોનો નેપાલમાં સારી પેઠે આવરો જાવરો છે તેથી તે લોકોના બુદ્ધ ધર્મની છાયા કંઇક અંશે નેપાલીઓની બેઆની વસ્તીપર પડી છે. એટલે કે નેપાલી-ઓમાં રૂપિયે બેઆના લોક હિંદુધર્મ સાથે બૌદ્ધ ધર્મ પણ પાળે છે. નેપાલ દેશની ઉત્તરે ટીબેટ ચીન જપાન એકબીજાની નિકટમાં આવેલા છે, એથી તે ચારેય દેશની પ્રજાના ચહેરાની આકૃતિમાં તથા હાવભાવ ચેષ્ટામાં બહુ સામ્યપણું જોવામાં આવે છે. જપા-નીઓની માફક નેપાલીઓ પણ દેશાભિમાની, મતલબી, મહેનતુ, નિર્ભય, ગરીબ સ્થિતિના અને નમ્ર સ્વભાવના છે. શરીરે બળવાન છે પણ ખોરાકમાં મુખ્યત્વે ભાત દાળ ભાજી મકાઇ ખાવાવાળા રહ્યા એથી તેઓમાં ઝાઝી તાકાત ન ગણાય. તેમ છતાં આપણા શ્રીમંતો જેમ જુવાર બાજરો ખાવામાં હલકાઈ માને છે તેમ નેપાલીઓને પણ ચોખા મકાઇને બદલે ઘઉં ખાવામાં હલકાઇ માનવાનું ભૂત ભરાયું છે. સ્ત્રીપુરૂષ કદમાં જરા ઠીંગણા, શરીરે ઘઉંવર્ણા, નાકે ચીબા અને ટુંકી જરૂરીઆતવાળા છે. મરણ પ્રસંગે આપણી માફક ખૂબ રોઇ કૂટી સંતોષ માનવાનો ચાલ નથી પણ અંતરના ઉમળકાથી થોડો વખત શોક પ્રકટ કરે છે. બૂમો મારી કૂટવાને બદલે તેઓ રામ સ્મરણ કરે છે.

નેપાલીઓનો પોશાકઃ માથે ટોપી, શરીરે ચોરણી, વૈષ્ણવોના જેવું ચાર કસનું બદન (જેને તેઓ ચોબંધી કહે છે), તેપર હાફકોટ કેડે ધોતીઆ પનીઆવતી બાંધેલી ભેટ અને ડોકમાં ઉનનો દુપટ્ટો જેને તે લોકો મલિદો કહે છે તે રાખે છે. નેપાલીઓ માથે પાઘડી અને તેપણ સફેદ ત્યારેજ બાંધે છે કે જ્યારે તેનામાં મરણ નિમિત્તે શોક પાળવાનો હોય, નહિતર તો કાળી ટોપીજ પહેરે છે. સ્ત્રીઓ અતિ લાંબી ૨૦ થી ૩૦ વારની સાડી કેડે વીંટી શરીરપર છેડો નાખે છે. શરીરે પુરૂષોની જેમ ચોબંધી બદન પહેરે છે, કેડે પાઘડી જેવડી લાંબી ભેટ બાંધે છે. માથાપર બાબરી જેવા કપાવેલા વાળનો ઘેરકો રખાવી ઉભો અંબોડો બાંધી માથું ખુલ્લું રાખે છે.

પુરૂષો એકથી વધારે એટલે બેચાર પાંચ સ્ત્રી એક સાથે પરણે છે. કેટલાક એકાદ પરણી બાકી બીજીઓને રખાત તરીકે ઘરમાં લાવી રાખે છે. સ્વજાતિની કન્યા પરણવા ઉપરાંત કોઇ કોઇ પોતાથી ઉંચી કે ઉતરતી જાતિની કન્યા પણ પરણે છે. જેઓ પોતાથી ઉંચી જાતિની કન્યા સાથે લગ્ન કરે છે તેઓ તો જ્ઞાતિ તેમજ સરકાર બન્ને તરફથી શિક્ષાને પાત્ર ઠરે છે પણ તેની જે પ્રજા થાય છે તે પોતે જે જાતિનો પુરૂષ હોય તેમાં ભળી જાય છે. ઉતરતી જાતિની કન્યા સાથે લગ્ન કરનારની પ્રજા પિતાની જાતિમાં ભળી શકતી નથી પણ તે પ્રજા તેની માતાની જાતિમાં સામેલ થઇ શકે છે. પરણેતર ઉપરાંત રખાત સ્ત્રીઓનો એટલો બધો ચાલ આ દેશમાં પ્રચલિત છે કે જેમ માણસ શ્રીમંત, સ્થિતિ સંપન્ન હુદ્દેદાર તેમ વધારે વધારે રખાત સ્ત્રીવાળો હોય છે. રાજાધિરાજ, તીન સરકાર, ચીફ સાહેબ, જંગીલાટ, જનરલ, કરનલને તો એક એક હજાર રખાત સ્ત્રીઓ

પાંચસો બસો સો અને પચાશ પચીશ સુધી અનુક્રમે બહુધા હોયજ છે.

નેપાલીઓ પોતાને મૂળ બંગાળના હિંદુ વતની તરીકે ઓળખાવે છે. જ્યારે હિંદમાં પરદેશીઓના ઉપરાઉપરી આક્રમણ થવા લાગ્યા, જ્યારે ધર્મ બચવો અશક્ય જણાયો ત્યારે તેઓ નેપાલમાં આવી વસી હિંદુપણું સાચવી સંભાળી રહ્યા છે કિંવા યજ્ઞ નિમિત્તે દિગ્વિજય કરતાં કરતાં આવી વસ્યાનું પણ સંભળાય છે.

વિધવા સ્ત્રીઓ અહીં બહુ આકરો ધર્મ પાળે છે. પતિ પાછળ સતી તો થતી નથી પણ શરીરે સાદો પોશાક પહેરી માથાપરના વાળ કઢાવી નાખી ધર્મ ધ્યાન અને તીર્થયાત્રામાં સમય ગાળે છે. શૂદ્ર જાતિના લોક પણ પુનર્લગ્નના ચાલને ધિક્કારી કાઢે છે.

જેમ નેપાલીઓ ધર્મ ધ્યાનમાં પ્રીતિવાળા છે તેમ તેઓ ગાવા વગાડવા અને નાચના પણ શોખીન છે. પ્રત્યેક દેવ મંદિરમાં અને સુખી ગૃહસ્થોના ઘરમાં ગાન તાન સવાર સાંજ ચાલતું જ હોય છે. નેપાલીઓનું સંગીત તાલ બદ્ધ હોઇ શ્રોતાને મધુરૂં લાગે છે. નેપાલીઓ મોઢે મીઠા પણ ઘર કોઇને બતાવે નહિ અર્થાત ગરીબાઇને લઇ નેપાલમાં અતિથિ સત્કારની પ્રથા બહુ ઓછી છે. તેઓ ઠંડા પ્રદેશમાં રહે છે એટલે તમાકુનું સેવન સ્ત્રી પુરૂષ બાળક વૃદ્ધ તમામ કરે છે. જેમ તમાકુનું સેવન સર્વસાધારણ કરે છે તેમ માંસાહાર પણ બડા બડા પંડિતોથી લઇ શૂદ્ર પર્યંત સઘળા લોક કરે છે. નેપાલમાં ટાઢ અતિ સખ્ત પડે છે તેમાં શિયાળામાં તો તેની સીમાજ હોતી નથી. વખતે વખતે બરફ અને વરસાદ સુદ્ધાં પડે છે. ટાઢનો બચાવ લોકો ઉનના ગરમ કપડા પહેરી, ડોકે

કાને ઉનનો મફિંદો–ગલપટો વીંટી, તમાકુ બીડી પીઇ, સગડીમાં કોલસો બાળી તેના તાપથી તપીને ફરે છે. ગમે તેવી સખ્ત ઠંડી છતાં સ્ત્રીપુરૂષો છોકરાઓ કામ કરતાંજ હોય છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ બહુ કામઢી છે. પાછળ છોકરૂં બાંધી, કેડમાં ભારે વજનની પાણીની ગાગર ઉંચકી ખંભાપર પણ બોજો લાદી હરફર કરતી હોય છે. સ્ત્રીઓ દુકાનદારી કરવા ઉપરાંત બીમફેરીથી પહાડો ચડી ઉતરી બોજો પાકા બબ્બે મણ લાવ લઇ જા કરે છે. નેપાલમાં કોઇ પણ પ્રકારના કરનો બોજો નથી તેમ દેશના અનાજ ઘી દેશ બહાર મોકલવાની કે લઇ જવાની મનાઇ છે એથી ખાવા પીવાની તમામ ચીજ વસ્તુ બહુ સસ્તી મળે છે. ચીજો સસ્તી મળતી હોવાને લઇ એક માણસ કરકસરતાથી વર્તે તો માસિક રૂા. ૨ માં નિભાવ કરી શકે છે. ખટમંડુમાં સ્ત્રી પુરૂષ કે છોકરો ઘર અથવા દુકાનના કામ વાસ્તે ત્રણ રૂપિયા માસિક પગારથી બહુ સહેલાઇએ મળી શકે છે. નેપાલમાં કયાંક કયાંક નદીનાળા ઝરણાંઓ છે પણ વિશેષ કરી મોટા ગામ નજીક તો તળાવો હોય છે. લોકોને પાણી પણ એ તળાવમાંથી પૂરૂં પાડવામાં આવે છે. ઠેકઠેકાણે નળ અને ટાંકી સરકાર તરફથી મૂકવામાં આવેલ છે. ઘરધણીને કે વેપારીને કોઇ પણ પ્રકારનો કરનો બોજો નથી. ફક્ત પાયખાના સાફ કરવા બદલ ભંગીને દરમાસે બેચાર આના આપવા પડે છે. નેપાલીઓ બે પૈસા આપી હજામત કરાવવા રસ્તામાં બેસી જાય છે પણ હજામને ભાગ્યેજ ઘર બતાવે છે. નેપાલી સ્ત્રીઓમાં ઘરેણું પહેરવાનો ચાલ ઘણો ઓછો છે. માત્ર બૌદ્ધ મતવાળા ગૃહસ્થોની સ્ત્રીઓ નાકમાં નથલી તથા માથામાં ચાંદ પહેરે છે. નેપાલી સ્ત્રીઓ પોતે નેપાલમાં નેપાલીઓના ઘરમાં

સ્વેચ્છાથી જાય છે, માતા પિતા વેચે છે કે અનેક ઉપર રખાત તરીકે અથવા પરણેતર તરીકે દીકરીને સોંપે છે પણ કોઇ પરદેશીને દેતું નથી. જેમ નેપાલી સ્ત્રી પરદેશીને જતી નથી કે માબાપ દેતાં નથી તેમ નેપાલીઓ પણ પરદેશથી પરદેશી સ્ત્રીને લાવતાં નથી.

નેપાલી લોક બહુ વાતોડીઆ હોય છે. એ લોકોને વાતોમાં, કથા વાર્તામાં અને તેમાંય ખાસ કરી યુદ્ધની વાતો બહુ કરવી સાંભળવી ગમે છે. પુરાણ રામાયણ તો બહુધા લોકો પ્રીતિ પૂર્વક સાંભળે છે પણ જ્યારે મહાભારતની કથા થાય છે ત્યારે નેપાલીઓ મુગ્ધ બની જાય છે. અહીં અધિકારી વર્ગનું બહુ માન સચવાય છે. અધિકારીઓ પણ લોકો સાથે સભ્યતાથી વર્તે છે સુબા ગણેશદાસ એન્ડ રતનદાસ કરીને એક નેપાલના જબર વેપારી છે તેનો માલિક રેવન્યુ કલેકટર તરીકના હોદ્દા ઉપર છે. તે ગૃહસ્થપર કલકત્તાની તેની પેઢીના ભાગીદાર પાસેથી મારા મિત્રે મારા માટે ભળામણ પત્ર લખાવી આપ્યો હતો. સુબા સાહેબની મુલાકાત થતાં સુબા સાહેબે બહુ મીઠાશથી સેંકડો નવી નવી વાતો નેપાલ સંબંધી કહી સંભળાવી. નેપાલમાં તંત્ર શાસ્ત્રના ગ્રંથોનો ઉત્તમ સંગ્રહ છે તેમ નેપાલનો ઇતિહાસ જે વંશાવળી નામથી ઓળખાય છે અને અત્યારે અતિ ગુપ્ત રાખવામાં આવે છે તે વિશે ચમત્કારિક વાતો સુબા સાહેબે કહી. તે જોવાં મે તીવ્ર ઇચ્છા પ્રદર્શિત કરી પણ ફળીભૂત થઇ શકી નહિ. પરંતુ તેની વાતો પરથી એમ ખાત્રી થઇ કે યોગના પ્રયોગ વડે કોઇ સોનું બનાવી શકે છે, આકાશમાં ગમન કરી શકે છે, સૂક્ષ્મ દેહ ધારણ કરી એક સ્થળેથી બીજે સ્થળે પ્રવેશ કરી શકે છે અને મંદિર જેવા સ્થુળ સાધનને પણ પોતા સાથે ખેંચી લઇ જઇ શકે છે. આમ

બનેલી વાત કેટલાક નજરે જોવાવાળા નેપાલીઓ કરે છે અને વંશાવળીમાં પણ સ્પષ્ટ લખાયું છે. આવી પ્રકારની શ્રદ્ધાથીજ નેપાલીઓ તેમનું હરેક શુભ કામ દેવતાની પૂજા કરી, વરદાન મેળવી પછીજ આરંભે છે.

## મુક્તિનાથ અને ગંડકી નદી.

કેટલીક ચમત્કારિક વાતો નેપાલ વિશે હિંદુસ્થાનમાંથી સાંભળી હતી તેમાં એક એ હતી કે નેપાલમાં મુક્તિનાથ અને ગંડકી નદી છે. અને એ ગંડકી નદી તથા મુક્તિનાથમાં શાલીગ્રામ તથા રૂદ્રાક્ષ થાય છે. જે જે શાલીગ્રામ અખંડ મળી આવે છે તે તે કોઇ કોઇ વખત અદ્‌ભુત મહાત્મ્યવાળા પણ પ્રાપ્ત થઇ જાય છે. અવન્તિકાના પરદુઃખ ભંજન વીર વિક્રમને નેપાલમાંથી તેવા પ્રભાવશાળી ગંડકી નદીમાંના શાલીગ્રામ ભગવાન પ્રાપ્ત થયાનું સંભળાય છે. નેપાલમાં તપાસ કરતાં જણાયું કે મુક્તિનાથ અને ગંડકી નદી નેપાલમાં નથી પણ તે નેપાલથી પંદર દિવસના રસ્તે દૂર છે. શિયાળામાં તો બરફના થર જામેલા હોય છે તેથી ત્યાં જવાનું નથી પરંતુ જ્યેષ્ટ આષાઢ માસમાં બરફ કમી થતાં–ઓગળી જતાં કોઇ કોઈ ગૃહસ્થ યાત્રી કે સાધુસંત જાય છે.

મુક્તિનાથ જવાનો બીજો રસ્તો બદ્રીનાથથી પણ છે પરંતુ લોકો વિશેષ કરી નેપાલથીજ જાય છે. અસલ રૂદ્રાક્ષના પારા પણ મુક્તિનાથમાંજ મળે છે. નેપાલમાં જે રૂદ્રાક્ષ વેચાય છે તે કાશી કલકત્તાથી આવે છે. રક્ત ચંદનની માળા અને મૃગચર્મ ક્વચિત્ ક્વચિત્ નેપાલમાં સારા પ્રમાણમાં સસ્તા મળી આવે છે. બાકી શાલીગ્રામ અને રૂદ્રાક્ષ તો મુક્તિનાથ અને ગંડકી નદીમાંજ થાય છે.

# શૃંગ અને જંગબહાદૂર.

ખટમંડુ શહેરમાં દિવાદાંડી જેવું પંદર માળ ઉંચુ એક મિનાર-શૃંગ છે. આ શૃંગપરથી ખટમંડુની આસપાસના તમામ પ્રદેશપર દૃષ્ટિ ફેંકો શકાય છે. નેપાલના મરહુમ રાજાધિરાજના પિતાએ તેમના જંગબહાદૂર નામના નોકરને કોઇ કસુર બદલ શૃંગપર ચડી ત્યાંથી નીચે પૃથ્વીપર પડી મરવાની આજ્ઞા કરી. રાજાધિરાજની આજ્ઞા થઇ એટલે તે વગર વિલંબે પાળવીજ જોઇએ. એમાં આનાકાની કે દલીલ ચાલી શકે જ નહિ.

જંગબહાદૂર બુદ્ધિમાન્ પુરૂષ હતો. તેણે રાજાની આજ્ઞાને શિર સાવંદ્ય ગણી અમલ કરવા તૈયારી માંડી. લોકોને ખબર પડતાં પુષ્કળ જનસમૂહ પણ કૌતુક જોવા શૃંગની આસપાસ એકઠો થયો. જંગબહાદૂર શૃંગપર ચડયા. બન્ને પગમાં ચાખડી પહેરી બે હાથમાં બે નેતરના સરીયાવાળી મીણ પાયેલ કપડાની મજબુત છત્રીઓ ઉઘાડી ધરી રાખી. ચાખડીથી અંગુઠાની નસ દબાય છે એટલે તે વિજળીની માફક ગુહ્યેન્દ્રિયને સંયમમાં લાવી શરીર હળવું બનાવે છે માટેજ આપણા સાધુ સંત સન્યાસીઓ પૂર્વજો અને ઋષિ મુનિઓ તેનો ઉપયોગ ( પગરખાને બદલે ચાખડી પહેરવાનો વ્યવહાર ) કરતા હતા અને કરે છે. બુદ્ધિમાન્ જંગબહાદૂરે શૃંગની ટોચેથી બે હાથમાં બે છત્રીઓ ખુલ્લી રાખી કૂદકો માર્યો. પવન જોરથી વાતો હતો. પવનના જોરને લઇ મજબૂત છત્રીઓ ખુલ્લી હોવાથી તે આસ્તે આસ્તે જેમ દેવતા અપ્સરાનું વિમાન આકાશમાંથી નીચે ઉતરે તેમ તે નીચે ઉતરી પૃથ્વીપર તદ્દન સહીસલામત આવી રાજાધિરાજને દંડવત કરી ઉભો રહ્યો.

કુશાગ્ર બુદ્ધિ જંગબહાદુરને રાજાએ તથા પ્રજાએ ધન્યવાદ આપી વધાવી લીધો. રાજાએ તેને ઇનામ આપી લશ્કરી ખાતામાં ઉંચા હોદ્દાપર તેની નિમણુક કરી દીધી. શિવાજી મહારાજના ઉત્તેજનથી જેવી રીતે પેશવા સરકારનો અભ્યુદય થયો હતો તેમ વીર જંગબહાદુરે પણ પ્રચંડ પરાક્રમ અને દીર્ઘદૃષ્ટિથી કામ લેવાની આવડત દાખવી રાજા રાજ્યપર અદ્વિતીય અધિકાર સ્થાપિત કર્યો હતો. કહેવાય છે કે નેપાલના નાના મોટા ૨૨ રાજ્યોને એકતંત્ર નીચે લાવનાર તથા પ્રથમ અંગ્રેજ સામે અને પછી અંગ્રેજોની મદદમાં ઉભા રહી લખનૌના નવાબ તથા અફઘાનો સામે સંગ્રામમાં ઝઝુમી વિજયમાળા નેપાળ સરકારને અર્પણ કરનાર કરાવનાર વીર પુરૂષ જંગબહાદુરજ હતા.

"ઉપકારનો માર્યો નમણું આપે" તેમ નેપાલનો રાજાધિરાજ જંગબહાદુરનું ડહાપણ અને વીરતા જોઇ તેને આધીન થઇ ગયો. લાંબો ટુંકો વિચાર કર્યા વિના રાજાએ જંગ બહાદુરને વંશપરંપરાનું પ્રધાનપદું આપી રાજ્ય કારોબારમાં તે જે કરવા ધારે તે થાય એવો લેખ કરી આપ્યો. જંગ બહાદુર અને રાજાધિરાજ તો કાળની ગતને પામી ગયા. તેમના સ્વર્ગવાસ પછી તેમના વંશજ અધિકારપર આવ્યા. હવેના રાજાધિરાજ તો વિલાયતના રાજાની જેમ નામનાજ રહ્યા છે. કુલસત્તા, હુકમ, આણ પ્રધાન-તીન સરકારની પ્રવર્તે છે. જંગ બહાદુરના ભાઇને બેત્રણ પરણેતર સ્ત્રીઓના મળી ૧૮ દીકરા થયા હતા. અત્યારે તે અઢાર ભાઇઓમાંથી ચડતી ઉતરતી ઉમ્મરના પ્રમાણમાં એક પછી એક અનુક્રમે ગાદી-તીન સરકારના અધિકારપર આવે છે. વીર જંગ બહાદુરના સ્મરણ નિમિત્તે શૃંગની બાજુમાંજ તેનું ઘોડેસ્વાર બાવલું રાખવામાં આવેલું છે.

તીન સરકારે તેના નાના ભાઇઓને ચીફસાહેબ-સેનાધિપતિ અને જંગીલાટ-ગવર્નર જનરલ જેવા ઉંચા હોદ્દાપર ગોઠવી પોતાની સત્તાના મૂળીઆ ઉંડા ઘાલ્યાં છે. છતાં ગાદીએ જલદી આવવાના ઉકળાટથી કોઇ કોઇ વખત ખટપટ જાગે છે અને સ્થાનપરના તીન સરકારનું ખુન પણ થઇ જાય છે. હમણાની નેપાલ સરકારના તીન સરકાર, અઢાર ભાઇઓમાંના ચૌદમા ભાઇ શ્રીમાન્ ચંદ્ર સમશેર જંગ બહાદૂર છે. હયાત તીન સરકાર પછી તેના ચાર નાના ભાઇઓ અનુક્રમે ગાદીપર આવશે અને તે બાદ અઢારમાંના સૌથી મોટા ભાઇના જ્યેષ્ટ પુત્ર અધિકારપર પ્રતિષ્ઠિત થશે.

આવી વિચિત્ર પદ્ધતિથી પાંચ સરકાર-રાજાધિરાજ પ્રસન્ન રહે છે એમ નથી પરંતુ તેમની સર્વ સત્તા હરાઇ જવાથી તેઓ દુઃખી હૃદયે ઉપાય વિચારે છે. મરહુમ રાજાધિરાજે પોતાનું સ્વાધીનપણું હાથ કરવા પ્રયાસ કરેલો પરંતુ તેવામાં તેમનો દેહાંત થયો. તેમના નાની વયના પુત્ર રહ્યા તે અત્યારે વીશ બાવીશ વર્ષની અવસ્થામાં છે. તેઓ સમજુ છે પરંતુ જેમ હિંદુસ્થાનના દેશી રાજાઓમાંથી કોઇ રાજા મૃત્યુ પામતાં તેના પુત્રના બાળપણને લઇ કુમારને એડમિનિસ્ટ્રેટરના હાથમાં કે કોઇ અંગ્રેજ ટયુટરના હાથમાં મૂકાઇ ઉછરવું પડે છે અને પરાધીન તથા ઓશીયાળા થઇ રહેવું પડે છે તેમ હયાતને રહેવું પડે છે.

## નેવારી ભાષા અને શિક્ષણ.

નેપાલમાં બે ભાષા બોલાય છે. શહેરોમાં પહાડી ભાષા અને ગામડાઓમાં નેવારી ભાષા બોલાય છે. નેપાલમાં શહેરો તો બહુ ઓછા છે. ખટમંડુ, ભાતગાઉ, પાટન, બનીપા, શાખુ, કીર્તિપુર

વગેરે પચીશ ત્રીશજ છે બાકી તો નેપાલી લોક પહાડો અને ખેતરોની મધ્યમાં બબે પાંચપાંચ દશદશ મકાનો બાંધી વસે છે. બોલવામાં પહાડી અને નેવારી ભાષા છે પણ લખવામાં તે ભાષાની કોઇ ખાસ લિપિ ન હોવાથી તેઓ હિંદી-દેવનાગરી લિપિમાં પોતાનું તમામ લખાણુ કરે છે. રાજ દરબારમાં પણ નેવારી પહાડી ભાષાનું લખાણુ દેવનાગરી લિપિમાંજ લખાય છે.

નેપાલમાં શિક્ષણુ બહુ ઓછા પ્રમાણુમાં લોકો લે છે. સ્ત્રીઓ અને શૂદ્રોમાં તો જુજ વ્યક્તિ ભણેલી હોય છે. બ્રાહ્મણુ, ક્ષત્રિય, વૈશ્ય ભણેલા હોય છે પણુ તેઓમાંય મોટા ભાગે કામ પૂરતુંજ લખી વાંચી શકે છે. વિદ્યાભ્યાસનો ઝાઝો ફેલાવો ન હોવાથી નેપાલીઓમાં ગ્રંથ સાહિત્ય પણુ અતિ અલ્પ છે. છાપા ફાપા નીકળતા નથી. કોઈ કાઢી શકે તેમ પણુ નથી, કારણુકે જો તે ભૂલે ચૂકે રાજ્ય વિરૂદ્ધ એક અક્ષર પણુ લખે તો કઠોર શિક્ષાને પાત્ર ઠરે એમ છે.

હાલના તીન સરકાર સર ચંદ્રસમશેર જંગ બહાદૂર યુરોપના સુધારામાં દેવાયા છે. અંગ્રેજી ભણેલા હોઇ વિલાયત જઇ આવેલા છે. પોતે સ્વતંત્ર બાદશાહના મુખ્ય પ્રધાન હોવા છતાં અંગ્રેજ સરકારને ખુશ રાખી સર નાઇટ, કે. સી. આઇ. ને જી. સી. આઇ. ઇ. જેવા નિર્માલ્ય ટાઇટલો બ્રિટીશ રાજ્યના એક સામાન્ય ખુશામતીઆ પ્રજાજનની માફક લઇ બેઠા છે. સડકો, રસ્તાઓ, મકાનો, મહેલો સુશોભિત બનાવી વિજળીનું કારખાનું ખોલાવી ખટમંડુ શહેરના મહોલ્લા ગલ્લીઓ તથા દુકાન ઘરોમાં ચંદ્રજ્યોતિ પ્રકટાવી તેજ તેજ કરી મૂક્યું છે. પોતે અને લશ્કરીઓ જેમ યુરોપિયન પોશાકમાં સજ્જ રહે છે તેમ લોકોને અંગ્રેજી ભાષામાં તૈયાર કરવાનો

ઉદ્યોગ આરંભ્યો છે. જો વિદ્યાની ઉન્નતિ કરવી હોય, લોકોને સુશિક્ષીત બનાવવા હોય તો પોતાની માતૃભાષામાં ગ્રંથો રચાવી, અનુવાદ કરાવી, શિક્ષણ અપાવી, વિદ્વાન્ જ્ઞાની બનાવી શકાય છે; પરંતુ દેશજનોને સુશિક્ષીત કરવાનો સંકલ્પ તેમનો હોય એવું લાગતું નથી. તેમને તો અંગ્રેજી ભાષાપર–અંગ્રેજોપર મોહ થયો હોય એમ લાગે છે કારણકે તેમની માતૃભાષા નેવારી પહાડીમાં સાધારણ કે ઉંચા શિક્ષણનો પ્રબંધ કરવાને બદલે નેપાળીઓને કેળવવા માટે હાઇસ્કુલ કોલેજ ખોલી બંગાળી શિક્ષકોને કલકત્તાથી બોલાવી અંગ્રેજી ભાષાની તાલીમ અપાઇ રહી છે. યુરોપિયનોનું જોઇ જપાનીઝોને આંધળું અનુકરણ કરતાં એક અંગ્રેજે કહ્યું છે કે, હવે જપાનીઝોનું અધઃપતન નજીક આવ્યું છે; તદ્વત્ જો આમને આમ નેપાલમાં ચાલુ રહેશે તો નેપાલીઓ વિશે પણ એવાજ ઉદ્ગાર કાઢી શકાય.

## નાણું અને વજન તોલ.

સ્વતંત્ર બાદશાહીને શોભાવે તેવું સ્વતંત્ર નાણું તથા વજન તોલ નેપાલ સરકાર પોતાનું ધરાવે છે. નાણાંમાં ચાંદીનો નેપાલી રૂપિયો, ચાંદીની મહોર અને ત્રાંબાના ગંડા પૈસાનું ચલણ છે. નેપાલી મહોર આપણા દેશના સાડાછ આના બરાબર કિંમતની છે. બે મહોરનો એક નેપાલી રૂપિયો અને એક નેપાલી રૂપિયા ( આપણા દેશના તેર આના ) ના નેપાલી એક સો પૈસા થાય છે. અને પાંચ પૈસાનો એક ગંડો થાય છે.

વજનમાં મુરહી, ધારણી અને શેર ચાલે છે. મુરહીનું વજન બંગાલી બે મણ બરાબર છે. એક ધારણી આપણા ૮૨ રૂપિયા

ભાર જેટલી થાય છે. એક ધારણીના નેપાલી ૨૫ શેર અને માપમાં પાલી ૩ થાય છે.

કાપડની દુકાનમાં કાપડ ભરવાનું માપ આપણા વારનું છે.

પોતાના દેશનું સ્વતંત્ર નાણું વજન તોલ છતાં હિંદુસ્થાન સાથે માલ મંગાવવા મોકલવાનો સંબંધ-ગરજ હોવાથી હિંદુસ્થાનનું ચલણઃ રૂપિયા, આના પૈસા નોટ કાગળીઆ હમણા હમણા નેપાલમાં બહુ ઘુસ્યા છે. જેટલા આદરથી નેપાલી નાણું ચાલે છે તેથી વિશેષ આદરથી હિંદુસ્થાનનું નાણું પણ સ્વીકારાય છે-ચાલી રહ્યું છે, એજ નેપાલની થવા બેઠેલી દુર્દશા-પરાધીનતાના ચિન્હ છે. ઘણા દેશોમાં પ્રવાસ કરતાં મેં અનુભવ્યું છે કે પરદેશનું નાણું (નાણામાં ખાસ કરી સોના ચાંદીના સિક્કા-નોટ કાગળીઆ નહિ) એક્સચેંઇજ-નાણાનો બદલો કરનારા શરાફો વટાવ લઇને પોતાના દેશના નાણામાં બદલી આપે છે પરંતુ એવું ક્યાંય નથી જોયું કે બજારોમાં તથા દુકાનોમાં વેપારીઓ તથા વસ્તી પરદેશી નોટ કાગળીઆનો સ્વીકાર કરતી હોય. રૂપિયા પૈસાની તો હરકત નહિ. તેને તો ભાંગી ગાળી પૈસા થોડા ઘણા પણ ઉપજાવી શકાય પરંતુ ન કરે નારાયણને પ્રચાલિત જરમન રૂશિયાના માર્ક રબલ જેવી અન્ય રાજ્યના નોટ કાગળીઆની દશા થાય તો પ્રજાને કેટલી ખોટ ખમવી પડે એનો કાંઇ વિચાર ! ખરેખર એ સંબંધી વિચાર તો જેટલો યુરોપ અમેરીકાવાળા કરી દેશ સંરક્ષણ કરી શકે છે તેટલો એશિયા આફ્રિકાવાળા કરી શકતાં નથી અને એવો વિચાર મંદતાના પરિણામેજ એશિયા આફ્રિકાના ઘણા ખરા રાષ્ટ્રો યુરોપના રાષ્ટ્રોની ગુલામી ભોગવે છે.

# ઉત્પત્તિ અને વેપાર.

પૃથ્વીપર એવો કોઇ દેશ નથી કે જેની ઉત્પન્ન હિંદુસ્થાન જેવી અને જેટલી હોય. ઘણાખરા દેશોમાં તો લોકોની મુખ્ય જરૂરીઆતરૂપ અન્ન વસ્ત્ર માટે અનાજ રૂ પણ પેદા થતાં નથી. નેપાલ જો કે તેટલે અંશે પરાધીન નથી છતાં પણ અનેક આવશ્યક વસ્તુ ઉત્પન્ન થતી ન હોવાથી તેને હિંદુસ્થાનનો આશ્રરો લેવો પડે છે.

ખાવાની ચીજોમાં ચોખા, અડદ, મકાઇ, શેરડીની ખાંડ, દુધ દહી, નારંગી સંતરા, આદુ, લસણ, ડુંગળી, હળદર, બટેટા વગેરે પુષ્કળ ઉપજે છે. નાના નાના ગામડાઓના લોકો ખેતરોમાં રૂ ઉગાડી તેના કોકડા હાથથી વણી સુતર બનાવે છે, નાનકડા નાજુક રેંટીઆ કાંતી જાડું સુતર તૈયાર કરે છે અને કાઠિયાવાડના ઢેઢોની જેમ વેજા-ખાદીના થાન વણે છે, જે ખાદીના થાન તેઓ-ગામડીઆઓ ખટમંડુ જેવા શહેરના ચોકમાં આવી વેચી જાય છે. સુતરની માફક ઉનના કોકડા વણી ઉનના મલિંદા તથા કમળ તૈયાર કરે છે. આ મલિંદા અને કમળ પણ વખાણવા તથા વાપરવા જેવા બને છે. મકાનો બનાવવા માટે ઈંટ, વિલાયતી નળીયા જેવા નળીયા અને કપડાના સુતરની ગુંથણીવાળા ટકાઉ સુંદર પગરખા પણ નેપાલમાં બને છે. ઇંટ નળીયા તથા લશ્કરીઓના પગરખા અને ઘોડાનો સામાન બનાવવા માટે સરકારી કારખાનું પણ છે. તેમ નેપાલના લોકો યુદ્ધ પ્રિય હોવાથી જાતિ દેશ સંરક્ષણ માટે નેપાલ સરકારે હથિયાર બનાવવાનું કારખાનું પણ કર્યું છે અને રોજની એક તોપ તૈયાર કરે છે. કુકરી નામનું તરવાર કે મોટા દાતરડા જેવું અતિ તેજસ્વી હથિયાર જે નેપાલીઓને બહુ પ્રિય છે તે અને

જુની પદ્ધતિની તાળા ચાવીયો તો નેપાલી લુહારો પુષ્કળ બનાવી બજારમાં વેચે છે.

ઉત્પન્ન થતી ચીજોપર કોઇ પ્રકારનો સીધો કે આડકતરો કર ન હોવાથી તેમ અનાજ ઘી જેવી નિત્યના વપરાશની જરૂરી વસ્તુઓ નેપાલ બહાર ચડાવવાની મનાઇ હોવાથી ખાવા પીવાની ચીજો બહુ સસ્તી વેચાય છે. ઘી દહી દુધ સસ્તા શુદ્ધ તથા ખાવા જેવા મળતા હોવાથી ગરીબ પણ તેનો ઉપયોગ કરી શકે છે. દુધ ઘીની સસ્તાઇને લઇ નેપાલમાં મીઠાઇ બને છે તે પણ ઉત્તમ બને છે. ઘણી પ્રકારની મીઠાઇઓમાં મુંબઇશાહી નામની માવો સાકર ઘીની મીઠાઇ બને છે તે તો કલકત્તાના રસગુલ્લા કરતાં પણ સ્વાદમાં ચડી જાય છે. કાગળો પણ નેપાલમાં અતિ મોટા પ્રમાણમાં લોકો બનાવે છે. નેપાળી કાગળો સસ્તા, ચીકણા, રફ, શાહી ફુટે નહિ તેવા ગામડાઓમાં બને છે. આ કાગળનો સરકારી દરબારી ઓફીસ ખાતાઓમાં, વેપારીઓના ચોપડા ખતપત્રોમાં અને ગાંધી વગેરેની દુકાનોમાં કરીયાણું મસાલાના પડીકા બાંધી દેવામાં જબરો ખપ થાય છે. મુંબઇમાં સુવાળું ઝાડું ચાર પાંચ આનામાં મળે છે તેવા ઝાડું નેપાલમાં ઘાસ થતું હોવાથી એકથી બે પૈસામાં મળે છે.

આટલી ઉત્પન્ન છતાં નેપાલીઓને સોનું ચાંદી, તજ, સોપારી એલચી બદામ કેસર ગ્યાસલેટ દિવાસળી જાયફળ લવીંગ સુંઠ જીરૂં નાળીએર અને રંગ તો નિકટના પ્રદેશ હિંદુસ્થાનથી મંગાવ્યા સિવાય છુટકો થતો નથી. તેમ હમણાના લોક શોખીન થતાં માત્ર ખાદીથી ચલાવી શકે તેવું ન હોવાથી કાપડ પણ ઘણું મંગાવે છે. રોજ સેંકડો અને હજારો કુલી મજુરો રકસોલ વીરગંજ ભીમફેરીથી

વેપારીઓનો કાપડ કરીયાણાનો માલ પીઠ પાછળ લાદી લાવતાં દૃષ્ટિએ પડે છે. જ્યારે વિકટ પહાડોની ચડાઈ ઉતરાઇ પીઠપર બોજો લાદી નાના નાના નેપાલી છોકરાઓ સ્ત્રીઓ તથા પુરૂષો કફોડા રસ્તે ચડતા ઉતરતા હોય છે ત્યારે એ દૃષ્ય અનુકંપા ઉપજાવે છે. રસ્તો સુધરાવી બોજાનું પ્રમાણ ઓછું કરાવી અને સ્થાનિક ઉદ્યોગ ધંધો ખીલવી નેપાલ સરકાર ગરીબોના આશીર્વાદ લેવા ધારે તો લઇ શકાય એવું છે.

કાપડ કરીયાણાનો વેપાર નેપાલમાં આગળથી જઇ વસેલા આપણા હિંદુસ્થાનના હિંદુ વેપારીઓના હાથમાં છે. કાપડનો વેપાર મારવાડી હિંદુઓ કરે છે અને કરીયાણાનો છપરા જીલ્લાના હિંદુઓ કરે છે. વેપાર પ્રથમ બહુ કસવાળો હતો પણ હવે નેપાલી લોકો કાંઇક કાંઇક ભાવ તાલથી જાણીતા થતાં અગાઉની માફક વિશેષ કસ તો નથી રહ્યો તો પણ લાભકારક છે. કેટલીક વખત વેગનોની તંગીથી કે વરસાદથી માલને આવતાં વિલંબ થાય છે. કિંવા એકાએક ભાવ વધવાની ખબર આવે છે તો વેપારીઓને સારો લાભ મળે છે. એ બધુંય ઠીક હોવા છતાં નેપાલમાં ઉધારીની રીત વધતી જાય છે. સહેરના અને ગામડાના વેપારીઓ મોટા મોટા વેપારીઓ પાસેથી માલ ઉધાર એક મહીનાને વાયદે ખરીદી જાય છે પણ મહીનો થતાં પૈસા આપવાનું સમજતા નથી. મીઠી ભાષામાં જવાબ દીધેજ જાય છે. એથી પૈસા ખોટા થાય છે એમ ભાગ્યેજ બને છે પણ થોડી મુડીવાળા વેપારીને મુંજવણમાં મૂકાવું પડે છે.

ટીબેટના ભોટીયા લોક સ્ત્રી સાથે મોટી સંખ્યામાં નેપાલ

આવ જા કરે છે. તેઓ ટીબેટના બકરા ગાડર આપણા દેશના બળદ વાછરડા વેચનારા સિંધી લોકોની જેમ વેચવા નિકળે છે. ટીબેટની ઔષધી પણ તેઓ ગધેડા ઉપર લાદી લાવે છે. આ લોકો સિંધી કાબુલીઓની માફક નેપાલમાં પોતાનો માલ ઉધાર વેચી સારો નફો મેળવે છે. જો કોઇ ખરીદેલી વસ્તુના પૈસા વખતસર દેતું નથી તો તેઓ તેને બહુ સતાવે છે. જો કે આપણા દેશના લોકો જેમ સિંધી કાબુલીઓની સતામણી વખતે નિરાધાર છે તેમ નેપાલમાં નથી કારણ ગળીના રંગેલા કપડા પહેરેલી અને શિરપર લાલ પાઘડી ધાલેલી પોલીસ તુરત પ્રજાની વહારે ચડે છે. નેપાલની પોલીસમાં કોઇ વયોવૃદ્ધ માણસ ભાગ્યેજ દેખાય છે, વિશેષતઃ વીશ પચીશ વર્ષની ઉમ્મરના છોકરા દૃષ્ટિએ પડે છે તેથી તેઓમાં કરેલપણું, કે ગંભીર બુદ્ધિમાનપણું બહુ ઓછું જોવામાં આવે છે; છતાં ફરજ બજાવવામાં એક્કા છે.

ભોટીયા લોક અતિ ગંદા અને જંગલી જેવા આહાર વિહારવાળા હોય છે. તેઓ નાવાધોવાનું સમજતા નથી. આથી શરીરપર મેલના થર જામતાં કપડા બહુ ફોરે છે–દુર્ગંધ મારે છે અને તેમ થતાં ટોલાં ઉત્પન્ન થાય છે. આ ટોલા ફેંકી દેવાને બદલે કેટલાક અડબુથ તો મોઢામાં નાંખી ખાઇ જાય છે. બીજી પણ તેઓની વિચિત્ર ટેવ એ છે કે તેઓ બે પાંચ દશ જણ વચ્ચે એક સ્ત્રી હોય છે. ખરેખર પ્રભુની સૃષ્ટિ આશ્ચર્યકારક છે.

## રમણિય સ્થળો.

જેટલા જેટલા ઠંડા પ્રદેશો છે, જે જે પ્રદેશોની અંદર જંગલ પર્વત વનસ્પતિ છે તેટલા અને તે પ્રદેશ હંમેશા સુખાકારીવાળા તથા

રમણીય દૃષ્યવાળા હોય એ સ્વાભાવિક છે. હિમાલય કાશ્મીરની માફક નેપાલમાં મનોહરતા તો નથીજ પરંતુ યુરોપ અમેરિકા કરતાં તો અલમત્ત દૃષ્ય ઘણું ચડીઆતું છે. હિમાલયના દિવ્ય પ્રદેશ જેવા દેવસ્થળો તો ભાગ્યે જ છે પણ ઇતર દેશો કરતાં તો ચડી જાય.

ખટમંડુથી જેમ બે માઇલ પશુપતિનાથ ભગવાનનું મંદિર છે તેમ એક માઇલ દૂર બાગમતીના કિનારે મંદિરોવાળી વિશાળ ધર્મશાળાઓ–સાધુસંતના અખાડાઓ જે થાપાથેલીના નામથી ઓળખાય છે તે જોવાલાયક છે. ત્યાંથી આગળ ચાલતાં પાટન . શહેરમાં યોગી મત્સ્યેન્દ્રનાથનું મંદિર તથા તુરીખેલ અવલોકન કરવા યોગ્ય છે. ખટમંડુથી એક માઇલ અંગ્રેજ સરકારની રેસીડેન્સી વિશાળ જગ્યામાં છે કે જ્યાં રેસીડન્ટનો બગીચાવાળો બંગલો, દવાખાનું, પોસ્ટઓફીસ, તથા ૧૦૦ લશ્કરીઓ રહી શકે તેટલી વિસ્તારવાળી લાઇન છે તે પણ જોવા જેવી છે. રેસીડન્ટ નેપાલના રાજકારોબારમાં ઘુસવા યુક્તિથી કોશિષ કરે છે પણ ચાલાક નેપાલ પરાયા તત્ત્વને મુદ્દલ દાદ દે તેમ નથી. વિશેષ ખટપટ કરે તો રેસીડેન્ટ સાહેબને નેપાલમાં રહેવું પણ ભારે થઇ પડે તેવું છે. છતાં રેસીડેન્સીની એક માઇલ જેટલી જગ્યામાં નેપાલ સરકારનો બીલકુલ અખત્યાર ચાલતો નથી. કોઇ ચોર ખૂની રેસીડેન્સીની હદમાં ભાગી આવે તો તેનો નિર્ણય રેસીડેન્ટ મરજી મુજબ કરી શકે એવી સત્તા અંગ્રેજ પ્રતિનિધીએ મેળવી જમાવી રાખેલી છે. જેમ અંગ્રેજ સરકારના પ્રતિનિધિરૂપ રેસીડેન્ટ નેપાલમાં રહે છે તેમ નેપાલ સરકારનો પ્રતિનિધી ઈંગ્લાંડમાં રહે છે. રેસીડેન્ટ સિવાય નેપાલમાં કોઇ યુરોપિયન કે અન્ય રાજ્યના પ્રતિનિધી સુદ્ધાં નથી.

રેસીડેન્સીથી ખેતરાઉ રસ્તે એક માઇલ દૂર બાલાજી ભગવાન આવે છે. શ્રીવિષ્ણુ ભગવાનની વિશાળ પ્રતિમા સ્વચ્છ જળના નિર્મળ કુંડમાં વિરાજે છે. ભગવાનના દર્શન, જળનું એક કુંડમાંથી બીજા કુંડમાં જવું અને પછી મોટા નળ જેવામાંથી ધોધરૂપે નિર્મળ જળના પ્રવાહનું વહેવું એ ખાસ જોવા જેવું છે. બાલાજી ભગવાનથી એક માઇલના અંતરે એક પહાડની ટોચપર શંભુજી ભગવાનનું સુશોભિત મંદિર દર્શન કરવા યોગ્ય છે. મંદિરના રસ્તાપર બાંધેલા પગથિયાઓ અને થોડા થોડા અંતરે વિશ્રામ લેવાની બેઠકો તથા બુદ્ધદેવની વિશાળ પ્રતિમાઓ અને કોતરી કાઢેલા લેખ આકર્ષક છે. મંદિર એક ઘુમટના આકારમાં પીતળનું બાંધેલું છે. મંદિરને ફરતી બુદ્ધદેવની મૂર્તિઓ અને દિવાબત્તીઓ છે. આ બુદ્ધદેવના મંદિરની અંદર જવાનો ક્યાંય રસ્તોજ રાખવામાં આવ્યો નથી. મંદિરને ફરતા બીજા ચાર મંદિરો છે તે માતાજી હર્ષદ દેવીના છે. દૂર દૂરનાં સ્થળોથી આ શંભુજી ભગવાનના મંદિરનો દેખાવ બહુ સુંદર લાગે છે.

ખટમંડુથી છ માઇલ ભાતગાઉ શહેર છે ત્યાં ગુરૂ દત્તાત્રેયનું મંદિર દર્શનીય છે. ભાતગાઉનું દહી માખણથી પણ સરસ ગણાય છે. ભૂખ લાગતા નેપાલીઓનો ચાનો ખોરાક ચોખાનો ચેવડો જેને આપણે પવા કહીએ છીએ તે ચેવડા સાથે દહી ખાતાં બહુ સ્વાદ જણાયો હતો. અહીં એક તળાવ છે તેમાં સામાન્ય માછલાંને બદલે લાલ અને સફેદ રંગની માછલીઓ દેખાય છે તે દ્રષ્ટાને અતિ આનંદ ઉપજાવે છે. આ તળાવ " સિદ્ધ પોખરીના નામથી ઓળખાય છે ખટમંડુથી છ માઇલ દૂર બુઢા નિલકંઠ નામનું રમણીય

સ્થળ છે તે પણ ખાસ દર્શન કરવા યોગ્ય છે. અહીં કે રસ્તામાં ખાવાનું કાંઇ મળતું નથી એટલે યાત્રી મુસાફરને ખટમંડુથી સાથે લાવવું પડે છે.

અતિશય ઠંડીના પ્રતાપે નેપાલમાં પંખી બહુ કમ દેખાય છે, પણ તમાકુના પીનારા ખૂબ હોવાથી ગોળ ભેળવેલા તમાકુના ઢગલાઓ આગળ પુષ્કળ માખા રહે છે. નેપાલમાં રમણીયતાની સાથે અદ્દભુતતા અને વિચિત્રતાનો પાર નથી. રાજા તરફથી યાત્રી મુસાફરની સગવડના સાધન બહુ અલ્પ જોઇ કોઇ ઉદાર ધર્માત્મા ધર્મશાળા બંધાવવા માગે તો તે માટે પણ નેપાલ સરકાર ઘણી આનાકાની કરે છે. શહેરમાં હરવા ફરવાનું સુખ જોઇ નેપાલના ગામડાની છોકરીઓ શહેરમાં વરે પરણે છે કિંવા સ્વયંવરની પદ્ધતિએ સ્વેચ્છાથી ઘર માંડે છે એટલે ગામડામાં છોકરીઓની તાણ જણાય છે. જ્યારે શહેરોમાંની છોકરીઓ ગામડામાં જવા ખુશી ન હોવાથી શહેરમાં છોકરીઓની વિપુલતા દેખાય છે.

ગુરખા લોક એ નેપાલની પ્રજા છે. નેપાલની સરકાર એ પણ તેની ગુરખા પ્રજાને લઇ ગુરખા સરકારના નામથી ઓળખાય છે. ગુરખાઓના મુખ્ય ગામઃ સેંદલગુડી અને દુમજા છે. આ લોક ગરીબાઇને લઇ અંગ્રેજ સરકારની નોકરીમાં મોટા પગારની લાલચે દાખલ થાય છે, પણ એથી નેપાલ સરકાર પ્રસન્ન થતી નથી. ગુરખાઓ અંગ્રેજોની નોકરી કરે છે છતાં જો નેપાલ અને અંગ્રેજ વચ્ચે લડાઇનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ગુરખાઓ બંદુકનો એક અવાજ આકાશ—હવામાં બીજો નીચે પૃથ્વીમાં અને ત્રીજો નેપાલી લશ્કરની

સામે કરો અંગ્રેજની બાજુ છોડી નેપાલ સરકારની બાજુમાં જઇ અંગ્રેજની સામે લડી શકે છે. આવી શરત કરી પછીજ ગુરખાઓ નોકરીમાં દાખલ થાય છે.

## નેપાલને નમસ્કાર.

મનના સંકલ્પ પ્રમાણે નેપાલ દેશનું, પ્રજાના આચાર વિચાર ધર્મ અને વેપારનું, દેવસ્થાન અને રમણીય સ્થળોનું, રાજા પ્રજાના પરસ્પર વર્તાવ અને શાસન પદ્ધતિનું સારી પેઠે અવલોકન કરી લીધા પછી નેપાલને નમસ્કાર કરી હિંદુસ્થાન તરફ વિદાય થવું ઉચિત ધાર્યું. મારા પરમ મિત્ર ભાઇશ્રી દયાશંકર દયાળજી ભટ્ટની લાગવગથી નેપાલ–ખટમંડુમાં રહેતા હિંદુસ્થાની વેપારી બાબુ સીતારામ હરિરામવાળા બાબુ હરિહરરામની ઉંચા પ્રકારની લાયકાત તથા ખાનદાની સ્વભાવથી મને અનહદ સગવડ, આનંદ તથા જાણવા જોવાનું ઘણું મળ્યું હતું. નેપાલના સરકારના નિયમાનુસાર શિવરાત્રી વીતતા તુરત નેપાલી પોલીસ, યાત્રીની પછવાડે પડી–જ્યાં યાત્રીનો ઉતારો હોય ત્યાં ઘરધણીને ચેતાવી નેપાલથી વિદાયગીરી તત્કાળ લેવાની ફરજ પાડે છે તે બાબુ હરિહરરામના પ્રતાપે ચેતવણી રૂપે પણ મને ફરજ પડી ન હતી; એ માટે બાબુજી હરિહરરામ અને રા. દયાશંકરભાઇનો ઉપકાર માનું તેટલો ઓછોજ છે. હવે નેપાલમાં વિશેષ રોકાવું કોઇ કામનું–હેતુપુરઃસરનું ન હોવાથી સં. ૧૯૭૯ ના ના ફાગણ સુદિ ૩ ના બાબુજીની તથા તેના સુયોગ્ય મુનીમ કપુર બાબુની રજા લઇ ખટમંડુથી ચાલી નિકળ્યો.

સવારના પાંચ વાગે વિદાય થતાં બીજું દુઃખ તો ન નડયું પરંતુ કાળજું ભેદી નાખે તેવી સખ્ત ટાઢ જણાતી હતી. અંધારૂં અને પવનના સુસવાટા પણ એ મુશ્કેલીમાં ઉમેરા કરતા હતા; છતાં તેની વિશેષ દરકાર ન કરતાં ચંદ્રાગડી સીસાગડી પહાડોની વિકટ ચડાઇ ઉતરાઇ ચડી ઉતરી મોડી રાતના ઠેબા ખાતાં, પડતાં આથડતાં ઉગ્રવેગે ચાલી ભીમફેરી પહોંચ્યો. આ વખતે મારી સાથે હરિહરરામ બાબુના માણસ તથા કુલી હતા તેઓ બહુ ઢીલા હતા. રસ્તામાં ઘણી જગ્યાએ ડુકતા; પણ આશ્વાસન, ધમકી તથા લાલચ આપી મહા મુશીબતે તેઓને પણ ભીમફેરી પહોંચાડયા.

ભીમફેરીમાં માલ ભરી બેલગાડા આવે છે અને માલ ખાલી કરી પાછા વીરગંજ રકસોલ જાય છે, એ બેલગાડાવાળા સાથે વાતચીત કરી રકસોલ સુધી બેલગાડામાં સામાન સાથે બેસી જવાનો રૂા. ૧ા ઠરાવી ભૈસા, હેઠેરા, ચુરીઆ, બીછાગોર અને સેમરા થઇ ત્રીજે દિવસ સવારના વીરગંજ–હિંદુસ્થાનની ભૂમિમાં પગ મૂકયો. રસ્તામાં ગાડીવાળો રાત્રિદિવસનો ભેદ રાખ્યા વિના મરજી મુજબ ગાડું ચલાવતો જતો હતો એથી રસોઇ બનાવવાની અગવડતાએ ભૂખ ઉજાગરા અને ખુલ્લા મેદાનની ઠંડીના સુસવાટા સહન કરવા પડતા હતા.

વીરગંજથી રકસોલ આવી રકસોલથી ટ્રેઇનમાં રવાના થઇ કાશીથી કલકત્તા ગયો અને કલકત્તાથી ફરી કાશી, દિલ્હી, કુરૂક્ષેત્ર, અજમેર પુષ્કર થઇ અમદાવાદ આવ્યો. રકસોલથી કલકત્તાનું રેલભાડું રૂા. ૭ા છે. અને રકસોલથી મુંબઇનું રેલભાડું રૂા. ૨૨ા છે.

## આવશ્યક સૂચના.

સ્વતંત્રતાના હિમાયતીએ, હિંદુ સનાતન ધર્મના ચાહકે તથા કુદરતના શોખીને અવશ્ય નેપાલ દેશ જોવો જોઇએ. નેપાલ જવા ઇચ્છનાર યાત્રી મુસાફરે ઓઢવા પાથરવા પહેરવાનું તથા તાવ માથું પેટ ઉધરસની દવા સાથે રાખી બની શકે તો એકાદ બે પોતાના જેવા વિચારના મિત્ર સાથે શિવરાત્રી અગાઉ વીશ દિવસ રાજકોટ અમદાવાદ મુંબઇથી કે અન્ય સ્થળેથી પ્રયાણ કરી માહ સુદિ ૧૫ સુધીમાં કાશી અવશ્ય પહોંચવું ઘટે. કાશીમાં ગંગાસ્નાન વિશ્વનાથ વેણીમાધવ ગણપતિ કાલભૈરવાદિ દેવતાના દર્શન કરી માહ વદિ ૨ ના કાશીથી બી. એન. ડબ્લ્યુ રેલવેમાં રવાના થઇ ગોરખપુર ગાડી બદલી રકસોલ ઉતરી વીરગંજ જવું. વીરગંજમાં ધર્મશાળા કે વેપારીને ત્યાં ઉતારો કરી નેપાળી સરકારની ઓફીસમાંથી પાસનો કટકો મેળવી વીરગંજના વેપારીની પિછાનવાળા કુલી સાથે મજુરી નક્કી કરી આગળ પ્રયાણ કરવું.

યાત્રી મુસાફરે બને ત્યાંસુધી લાગવગ લગાડી ખટમંડુ-નેપાલના વેપારીઓ સાથે સંબંધ ધરાવનારા વેપારીઓનો કલકત્તાથી ભલામણ પત્ર મેળવીનેજ નેપાલ તરફ પ્રયાણ કરવું સુખકારક છે કે જેથી નેપાલમાં ઉતરવાની અથવા કોઇ અચાનક મુસ્કેલી ઉભી થતાં વિશેષ ચિંતા ન રહે. નેપાલના રસ્તે ચટ્ટીઓ અને દુકાનો આવે છે પણ તે ચટ્ટીઓ દુકાનો બહુધા ઉતારૂઓથી ઠસોઠસ ભરેલી હોય છે તેમ કેટલાક કૃપણ નેપાલીઓ ઇરાદાપૂર્વક યાત્રીને ઉતરવા દેતાં નથી. કેટલાક વેપારી ખાવાની ચીજોપર ઇંડા કુકડાને ઉછેરી કસાઇખાનાનો

ખ્યાલ આપે છે માટે યાત્રી મુસાફરે રસ્તામાં પાંચ ૭ દિવસ ચાલે તેટલી મગજપાકની મીઠાઇ અને દુધમાં બનાવેલી પુરી તથા ફરસાણુ સાથે રાખવું. કુલીનો ક્ષણભર પણ વિશ્વાસ કરી તેને એકલો ન છોડવો. ઠંડીથી બચવા માટે ઓવરકોટ, હાથના તથા પગના મોજા, કાન બાંધવાનો ગરમ રૂમાલ, ઓઢવા પાથરવા માટે ગરમ બે ત્રણ જાડી શાલ તથા શેત્રંજી, મજબુત પગરખા અને છત્રી સાથે રાખવા.

સુરક્ષિત રીતે પ્રવાસ કરી સ્વદેશ પાછા ફરવા ઇચ્છનારે રસ્તામાં કોઇની સાથે તોફાનમાં ઉતરવું નહિ. તેમ નેપાલમાં, રાજ્ય-વિરૂદ્ધ કે ધર્મવિરૂદ્ધ વાતો કરવી નહિ પણ મીઠાશથી અને યુક્તિ પ્રયુક્તિથી પૂછી જોવા વિચારવા જાણવાનું જાણી લેવા કોશિષ કરવી. ૐ શાન્તિઃ

સમાપ્ત

તૈયાર છે. તૈયાર છે.

# હિમાલય ઉન્નતિ પથ પ્રદર્શક નીતિ.

લેખક—નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

આ પુસ્તકમાં હિમાલયની યાત્રા, આત્મોત્કર્ષ અને નારાયણ નીતિ નામના ત્રણ ઉત્કૃષ્ટ પુસ્તકોને એકજ રીતે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. દરેક પુસ્તકમાં શું શું વસ્તુ દર્શાવવામાં આવી છે તે છૂટક છૂટક પુસ્તકની પ્રસિદ્ધિમાં જણાવેલ છે. પુસ્તકની કિંમત માત્ર રૂ. ૦-૧૨-૦.

---

# આત્મોત્કર્ષ.

લોકોમાં આજકાલ સ્વરાજ્યની ચર્ચા ઘણી પ્રિય થઇ પડી છે. આવી જાગૃતિને કયે રસ્તે કાર્યમાં પરિણત કરવાથી શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિ થવા સાથે સ્વરાજ્ય સંપાદન કરી શકાય, તેનો ઉપાય સ્વાનુભવથી ધર્મ તથા ઇતિહાસને અનુસરીને આ પુસ્તકમાં પ્રતિપાદન કરવામાં આવેલ છે. પુસ્તકમાં નીચેના વિષયો ખાસ ધ્યાન ખેંચનારા છે. નિષ્કામ કર્મયોગ, આશ્રમ વર્ણાશ્રમ ધર્મ, સ્વાધીનતા, પુરૂષાર્થ, સોળ સંસ્કાર, બ્રહ્મચર્ય અને વિદ્યા, શારીરિક અને માનસિક બળ, સ્વદેશી વ્રત, વેપાર ઉદ્યોગ, સેવાભાવ, ધર્મ, ભક્તિ અને જ્ઞાન. પુસ્તકનું મૂલ્ય ફક્ત રૂ. ૦-૪-૦.

# હિન્દુ તીર્થ યાત્રા વર્ણન.

આ પુસ્તકની અંદર આપણા હિંદુઓના નાના મોટા તમામ તીર્થ સ્થળો તથા ઇતિહાસિક પ્રાચીન અર્વાચીન શહેરોનું સંપૂર્ણ વર્ણન જાતિ અનુભવથી આપવામાં આવ્યું છે. મથુરા, દિલ્હી, આગ્રા, કાનપોર, પ્રયાગ, ચિત્રકુટ, અયોધ્યા, લખનૌ હરિદ્વાર, બદ્રિનારાયણ, કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી, કૈલાસ, માનસરોવર, અમરનાથ (કાશ્મીર), પશુપતિનાથ (નેપાલ) કાશી, ગયાજી, કલકત્તા, જગન્નાથ, મદ્રાસ, મદુરા, રામેશ્વર, પંઢરપુર, નાશિક, મુંબઇ, દ્વારકા, ડાકોર, અમદાવાદ, જયપુર, અજમેર, શ્રીનાથજી, ,કરાંચી, લાહોર, નાગપુર વગેરે સ્થળોના અત્યંત રસિક જાણવા યોગ્ય તથા વેપાર ઉદ્યોગની મિના સાથે દૈવી મહાત્મ્ય યુક્ત વર્ણનનો સંક્ષેપમાં પણ પૂરેપૂરી રીતે રેલભાડા સાથે આ લઘુ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કિંમત રૂ. ૦-૪-૦.

# નારાયણ નીતિ અથવા અનુભવના ઉદ્દગાર.

મનુષ્ય પ્રાણીને આ અટપટી દુનિયામાં વચરતાં સુખ દુઃખ લાભ હાની, માન અપમાન, ધર્મ અધર્મ, સારા માઠું, પ્રિયઅપ્રિય, શત્રુ મિત્ર દેશ વિદેશ, મધુર કટુ, શ્રેષ્ટ કનિષ્ટ, વિદ્યા અવિદ્યા, પ્રકાશ અંધકારને લગતા સેંકડો પ્રસંગ પ્રાપ્ત થાય છે. આધી વ્યાધી ને ઉપાધી એમ ત્રિવિધ તાપથી તપતો માનવી તેની કસોટીએ ચઢતા વ્યાકુળ થઇ જાય છે. આ લઘુ પુસ્તકમાં વિવિધ રીતે હિતકર એવા ૧૦૧ વિષયો સૂત્ર રૂપે સંક્ષેપમાં દર્શાવવામાં આવ્યા છે. પુસ્તકનું મુલ્ય માત્ર રૂ. ૦-૪-૦.

અદ્ભુત ગ્રંથ                                                    છપાય છે.

# તત્વામૃત

અથવા

# દેશ વિદેશની આંતરિક અવનવી ઘટનાનો જાતિય અનુભવ.

લેખક—નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

આ પુસ્તકમાં દેશ વિદેશનો મનોહર વૃત્તાંત, કુદરતી સૌંદર્ય, રીતિનીતિ, રહેણી કરણી, હુન્નર ઉદ્યોગ વગેરે સ્વાનુભવની બાબતોને એવી રીતે યોજવામાં આવી છે કે તે વાંચવાથી મનુષ્યની શારીરિક, માનસિક આત્મિક શક્તિઓનો વિકાસ થવા સાથે પોતાની, જાતિની ધર્મની તથા દેશની સ્થિતિનું યથાર્થ જ્ઞાન મેળવી ઉન્નતિના ઉપાય કરી શકે. મહત્વાકાંક્ષી અથવા દેશોદ્ધાર ચાહનાર વ્યક્તિને જગતની અંદર ક્યાં ક્યાં વિટંબણા કે સિદ્ધિ, સત્ય કે દંભ, રક્ષણ કે ઘાત થાય છે તેની માહિતી ઘેર બેઠા મળવા ઉપરાંત જીંદગીનું સાર્થક કરી શકે એવા જાતિ અનુભવના અનેક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉથી નામ નોંધાવી ગ્રાહક થનારને માટે પુસ્તકની કિંમત રૂા. ૧ાા છે. પાછળથી રૂા. ૨ પડશે

---

હિમાલયની યાત્રા ... ... ...કિ. રૂ. ૦—૪—૦

## નારાયણ ગ્રંથમાળાના પુસ્તકો વિષે

# અભિપ્રાય.

---

રા૦ રા૦ નારણજી પુરૂષોત્તમ સાંગાણી,

આપે ચાર પુસ્તકો:—હિમાલયની યાત્રા નારાયણ નીતિ, આત્મોત્કર્ષ, અને હિન્દુ તીર્થ યાત્રા વર્ણન મોકલાવ્યા તેને માટે આપનો આભારી થયો છું.

આપના ઘણાખરા પુસ્તકો વાંચ્યા છે. આ પુસ્તકો ઉગતી વયના વિદ્યાર્થીઓના હાથમાં મૂકાય તો નિઃશંક હિંદુ સમાજને ઘણો લાભ થશે, અને નાની વયમાં નંખાયલો નીતિ અને અને ધર્મનો પાયો મોટી વયમાં લીધેલી પાશ્ચાત્મિક કેળવણીથી ડગશે નહિ.

લિ૦—હંસરાજ પ્રાગજી ઠાકરશી.
( મુંબઇના આગેવાન મીલ માલેક. )

રા૦ રા૦ નારણજી પુરૂષોત્તમ સાંગાણી—જોગ.

જત આપના ચાર પુસ્તકો:—હિમાલયની યાત્રા, આત્મોત્કર્ષ, નારાયણ નીતિ અને હિન્દુ તીર્થ યાત્રા વર્ણન વાંચી અતિશય સંતોષ અને આનંદ થયો છે. આશા છે કે, આવા પુસ્તકો ધાર્મિક તત્વને પોષક હોઇ જનસમાજને અધિક અધિક લાભદાયી નિવડશે.

લિ૰—ધર્મદાસ ત્રિભુવનદાસ વરજીવનદાસના
જયશ્રીકૃષ્ણ વાંચશો.
( મુંબઇના ધર્મનિષ્ઠ ધનાઢ્ય વેપારી. )

રા૦ રા૦ સ્નેહી ભાઇશ્રી નારણજી પુરૂષોત્તમ સાંગાણી,

આપની પત્રિકા સાથે ચાર ગ્રંથો;—હિન્દુ તીર્થ યાત્રા વર્ણ. હિમાલયની યાત્રા, આત્મોત્કર્ષ, નારાયણ નીતિ આવ્યા વાં આનંદ થયો.

છેલ્લા ગ્રંથના સંગ્રરેલા બોધ સારા છે. ખેદ માત્ર એટલો છે કે સમયાનુસાર આવી શિક્ષાઓનો ઉપયોગ થતો નથી; પરં વારંવાર લેપન એવા વિચારોનું થાય તો કાંઇક પરિણામ આવે.

આત્મોત્કર્ષના વિચારો સારા છે, વિચારણીય છે. ઉદ્યોગ અ ધર્મના પ્રકરણ ઠીક લખાયા છે.

હિમાલયની યાત્રા માટે બહુ લખાવું જોઇએ. એમાં ઘણ જાણવાનું છે. આતો માત્ર ટુંકી નોંધ છે. આ નોંધથી ત્યાં વિચરવા જનારને સારી (પૂર્ણ) માહિતી નથી મળતી. જો કે જનારને પ્રત્યેકને નવા નવા અનુભવ થાય પરંતુ લેખકનો ઉત્સાહ અને છાપવાના ધનનો વ્યય થઇ શકે તો વધારે જણાવવાની જરૂર છે.

આજ પ્રમાણે યાત્રાના સ્થાન સંબંધી સમજવું. આપના પ્રયાસ માટે ધન્યવાદ ઘટે છે.

લિ૦—વિશ્વનાથ પી. વૈદ્ય.
(બારીસ્ટર એટ-લો.) ના સસ્નેહ જય

**હિન્દુ તીર્થ યાત્રા વર્ણન:**—ઇસમે સેતુબંધ રામે લેકર બદ્રીનાથ, કેદારનાથ સમસ્ત હિન્દુઓકે તીર્થોકા વર્ણન હૈ : યહ ભી બતાયા હૈ કિ અમુક સ્થાનસે અમુક જાનેકે લિયે ઇ રેલ કિરાયા લગતા હૈ. પુસ્તક હિન્દુ માત્રકે લિયે ઉપયોગી મૂલ્ય રૂ. ૦ા. મિલનેકા પત્તા:—નારણજી પુરૂષોત્તમ સાંગાણી.
ચાઇના બીલ્ડીંગ-ભીંડી બજાર, મુંબઇ.

"श्री वेंकटेश्वर समाचार.